RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 Issue : 223 Dt. 26-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### લકુમ પરિવાર નવાગામથી ચોટીલા પહોચે તે પહેલા જ રસ્તામાં કાળે આંતર્યો

## માલીયાસણ નજીક ટ્રક હડફેટે રીક્ષા ચગદાઈ માતા-પુત્રી સહીત ૬ ના મોત





**સાળાના લગ્ન પ્રસંગે જઈ રહેલા પરિવારને નડ્યો ગમખ્વાર અકસ્માત : કાળમુખા ટ્રકે ઓટોરીક્ષાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો : રીક્ષા ચાલકનો ગભીર ઈજા સાથે આબાદ બચાવ : માલીયાસણ હાઈવે મરણચીસોથી ગુંજ્યો : પોલીસ કમિશ્નર સહીત પોલીસ અધિકારીઓ બનાવ સ્થળે-હોસ્પિટલે દોડ્યા : રોંગ સાઈડમાં ટ્રક ચલાવી અકસ્માત સર્જનાર ચાલક સામે ગુન્હો : બનાવ સ્થળે સાર્વત્રિક અરેરાટી**

રાજકોટ મિરર, તા.૨૫


આજે સાંજે રાજકોટ નજીકના માલીયાસણ નજીક રોંગ સાઈડમાં માતેલા સાંઢની જેમ પુરપાટ ઝડપે નીકળેલા એક ટ્રકે સામેથી આવતી ઓટો રિક્ષાને હડફેટે લઈ પડીકું વાળી દીધાની ગમખ્વાર ઘટનામાં માતા-પુત્રી સહીત ૬ લોકોના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત થયા હતા. અકસ્માત સમયે માલીયાસણ હાઈવે મરણચીસોથી ગુંજી ઉઠ્યો હતો. જો કે ઓટો રીક્ષા ચાલકનો નાની-મોટી ઈજાઓ સાથે આબાદ બચાવ થતા તેમને હોસ્પીટલે ખસેડાયો છે. બનાવની જાણ થતા જ પોલીસ કમિશનર સહીત ડીસીપી પોતાના ક્રાઈમ બ્રાન્ચના કાફલા સાથે ઘટના સ્થળે અને હોસ્પીટલે પહોચીને અકસ્માતનો તાગ મેળવ્યો હતો. અકસ્માતમાં મોતને ભેટેલા મૃતકો નવાગામથી ચોટીલા એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા પણ રસ્તામાં જ કાળે આંતરતા લગ્ન ગીતોને બદલે લકુમ પરિવારમાં મરશીયા શરુ થઇ ગયા છે.

સમગ્ર બનાવની વિગતો આપતા રાજુભાઈ લકુમે જણાવ્યું હતું કે, આજે તેમનો પરિવાર સગા-સંબંધીઓ સાથે નવાગામથી ચોટીલા ખાતે સાળા શંભુભાઈના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ઓટો રીક્ષામાં નીકળ્યો ત્યારે રાજકોટ અમદાવાદ હાઈવે પર માલીયાસણ નજીક સામથી અમદાવાદ તરફથી પુરપાટ ઝડપે રોગ સાઈડમાં આવતા યુ.પી.૭૮ એ.ટી. ૫૮૦૮ નંબરના ટ્રકે ધડાકાભેર ઓટો રીક્ષા માટે ચડાવી દેતા પલકવારમાં રીક્ષા પડીકું વળી ગઈ હતી.

ત્યારે રીક્ષામાં ડ્રાઈવર અને ૮ માસની બાળકી સહીત ત્રણ મહિલા અને ચાર પુરુષો મળી સાત પરીવારજનોમાંથી ૬ ના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. બનાવ સમયે મરણ ચીસોથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. આ સમયે ત્યાંથી પસાર થયેલા ક્રેઈન ચાલક સરદારજીએ મદદે આવી ક્રેઈનની મદદથી રીક્ષા અને મૃતકોની લાશો મહા મહેનતે કાઢી હતી.

બીજીબાજુ ગમખ્વાર અકસ્માતની જાણ થતા પોલીસ કમિશ્નર બ્રજેશ શાહ તેમજ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી આર.એસ.બારૈયા અને આરટીઓ અધિકારી કેતન ખપેડ સહીત ક્રાઈમ બ્રાંચ કાફલો ઘટના સ્થળે અને હોસ્પીટલે પહોંચી મૃતકોની ઓળખ કરી હતી . જેમાં યુવરાજ રાજુભાઈ લકુમ (૨૭ વર્ષ - જામનગર - રીક્ષા ચાલક), વેદાંશી સાગર સોલંકી (૮ માસ-જામનગર), ભૂમિબેન રાજુભાઈ લકુમ (૩૫ વર્ષ-જામનગર ), શિતલબેન યુવરાજ સોલંકી (૨૯ વર્ષ-જામનગર ), શારદાબેન જીણાભાઈ લકુમ (૫૦ વર્ષ-નવાગામ), નંદનીબેન સાગરભાઈ સોલંકી (૨૫ વર્ષ-નવાગામ)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. જયારે આનંદ વિક્રમ સોલંકી(ઉ.૨૧-નવાગામ)ને નાની મોટી ઈજાઓ સાથે સારવાર માટે હોસ્પીટલે ખસેડાયો છે.

### ટ્રક ડ્રાઈવર સકંજામાં : DCP પાર્થરાજસિંહ ગોહિલ



માલીયાસણ નજીકના ગમખ્વાર અકસ્માતમાં ત્રણ સ્ત્રી અને ત્રણ પુરુષોના મૃત્યુ બાબતે વિગતો આપતા ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, માલિયાસણ ગામ પાસે રોંગ સાઈડમાં આવતા ટ્રક અને ઓટોરીક્ષા વચ્ચેના અકસ્માતની દુઃખદ ઘટના બની છે. અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને સકંજામાં લેવાયો છે. તેમની સામે કુવાડવા પોલીસમાં ગુન્હો નોંધાશે.

### ૭-૮ કિમી ટ્રાફિક જામઃ RTO કેતન ખપેડ



માલીયાસણ નજીક ટ્રક-ઓટો રીક્ષાના ગોઝારા અકસ્માતથી રોડ પર આશરે ૭-૮ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થઇ ગયો હતો. પણ બનાવની જાણ બાદ તુરંત ઘટના સ્થળે પહોચેલા આરટીઓ અધિકારી કેતન ખપેડએ પોતાના સ્ટાફને કામે લગાડી ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.

### બે મૃતકો તો બે-ત્રણ વર્ષ પહેલા જ પરણ્યા હતા

માલીયાસણ નજીકના અકસ્માતમાં મૃતકોની વધુ વિગતો આપતા પોલીસે જણાવ્યું હતું કે, મૃતક સાગરભાઈ સોલંકીના ત્રણ વર્ષ પહેલા અને યુવરાજભાઇ લકુમના બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. યુવ્રજભાઈ પાંચ બહેનોનો એકનો એક ભાઈ હતો

## લિકર પોલીસીથી દિલ્હીને ૨૦૦૨ કરોડનુ નુકસાન : રિપોર્ટ

### CAGના રિપોર્ટમાં થયા ચોકાવનારા ખુલાસા : ખોટા નિર્ણયોને કારણે સરકારની આવકને મોટું નુકસાન

નવીદિલ્હી, તા. ૨૫

દિલ્હીમાં દારૂના કૌભાંડમાં હજારો કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ દુર્ઘટના ઘણી અલગ અલગ છૂટ અને નિયમોના ઉલ્લંઘનને કારણે થઈ છે. આ કૌભાંડને લઈને આજે ઈઅત્રક્ષ્ના રિપોર્ટમાં ઘણા મોટા ખુલાસા થયા છે, હકીકતમાં આજે દિલ્હી વિધાનસભામાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ દારૂ કૌભાંડ પર ઈઅત્રક્ષ્નો રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે કેવી રીતે નવી લિકર પોલિસીથી દિલ્હીને ૨૦૦૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ખોટા નિર્ણયોને કારણે સરકારની આવકને મોટું નુકસાન થયું છે. દિલ્હી સરકારની કુલ કર આવકમાંથી લગભગ ૧૪% આબકારી વિભાગમાંથી આવે છે. આ વિભાગ દારૂ અને માદક દ્રવ્યોના વેપારને નિયંત્રિત કરે છે અને તેનું નિયમન કરે છે અને દારૂની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે પણ જવાબદાર છે. ૧ જુલાઈ, ૨૦૧૭ થી ત્રૠજીઝ લાગુ થયા પછી, દારૂ એ માનવ વપરાશ માટે એકમાત્ર ઉત્પાદન હતું જેના પર આબકારી જકાત લાગુ રહી. તેથી, આબકારી વિભાગની મુખ્ય આવક દારૂના વેચાણમાંથી આવે છે.

દારૂની સપ્લાય સિસ્ટમમાં ઘણી પાર્ટીઓ સંકળાયેલી છે. દારૂ આખરે ઉત્પાદકો, દિલ્હીમાં સ્થિત વેરહાઉસ, સરકારી અને ખાનગી દારૂની દુકાનો, હોટલ, ક્લબ અને રેસ્ટોરન્ટ દ્વારા ગ્રાહકો સુધી પહોંચે છે. આબકારી વિભાગ વિવિધ હેડ પાસેથી આવક એકત્ર કરે છે, જેમ કે આબકારી જકાત, લાઈસન્સ ફી, પરમિટ ફી, આયાત/નિકાસ ડ્યુટી વગેરે. કેગના રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે આબકારી વિભાગે લાયસન્સ આપતી વખતે નિયમોનું યોગ્ય રીતે પાલન કર્યું નથી. દિલ્હી એક્સાઇઝ રૂલ્સ, ૨૦૧૦ના નિયમ ૩૫ મુજબ, એક જ વ્યક્તિ કે કંપનીને અલગ-અલગ પ્રકારના લાયસન્સ (હોલસેલ, રિટેલ, હોટેલ-રેસ્ટોરન્ટ) આપી શકાય નહીં. પરંતુ તપાસમાં જાણવા મળ્યું કે કેટલીક કંપનીઓને એક સાથે અનેક પ્રકારના લાયસન્સ આપવામાં આવ્યા હતા. ઘણા કેસોમાં આબકારી વિભાગે જરૂરી તપાસ કર્યા વગર લાયસન્સ ઈશ્યુ કર્યા હતા. આમાં નાણાકીય સ્થિરતા, વેચાણ અને કિંમતો સંબંધિત દસ્તાવેજો, અન્ય રાજ્યોમાં જાહેર કરાયેલ કિંમતો અને અરજદારોના ગુનાહિત રેકોર્ડની તપાસ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ થાય છે. કેટલીક કંપનીઓએ દારૂના વેપારમાં કાર્ટેલ બનાવવા અને બ્રાન્ડ પ્રમોશન માટે તેમનો હિસ્સો છુપાવવા માટે પ્રોક્સી માલિકીનો આશરો લીધો હતો.



### નુકસાન કેવી રીતે થયું?

CAGના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દારૂની નીતિમાં ઘણી ગેરરીતિઓ અને બેદરકારીભર્યા નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેના કારણે દિલ્હી સરકારને મોટું નુકસાન થયું હતું.

રૂ. ૯૪૧.૫૩ કરોડનું નુકસાન ઘણી જગ્યાએ છૂટક દારૂની દુકાનો ખુલી નથી.

રૂ. ૮૯૦ કરોડનું નુકસાન સરકાર સમર્પણ કરાયેલા લાયસન્સની પુનઃ હરાજી કરવામાં નિષ્ફળ રહી.

કોવિડ-૧૯ના બહાને દારૂના વેપારીઓને રૂ. ૧૪૪ કરોડનું રિબેટ આપવામાં આવ્યું

રૂ. ૨૭ કરોડનું નુકસાન - દારૂના વેપારીઓ પાસેથી યોગ્ય સિક્યોરિટી ડિપોઝીટ લેવામાં આવી ન હતી.

### બિટકોઈન ક્રિપ્ટોકરન્સી કૌભાંડ

## CBIના ૬૦ સ્થળો પર રાષ્ટ્રવ્યાપી દરોડા

### દિલ્હી એનસીઆર, પુણે, ચંદીગઢ, નાંદેડ, કોલ્હાપુર અને બેંગલુરુ સહિત અનેક શહેરોમાં તપાસનો ધમધમાટ

નવીદિલ્હી, તા. ૨૫

CBIએ મંગળવારે રૂ. ૬,૬૦૦ કરોડના ગેઈન બિટકોઈન ક્રિપ્ટોકરન્સી કૌભાંડની તપાસના ભાગરૂપે દેશભરમાં ૬૦ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે દિલ્હી એનસીઆર, પુણે, ચંદીગઢ, નાંદેડ, કોલ્હાપુર અને બેંગલુરુ સહિત અનેક શહેરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા, જે દરમિયાન મુખ્ય આરોપીઓ સાથે કથિત રીતે જોડાયેલા જગ્યાઓની શોધ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અન્ય ઘણા પ્લેટફોર્મ દ્વારા આચરવામાં આવેલ આ પોન્ઝી કૌભાંડ કથિત રીતે અમિત ભારદ્વાજ (હવે મૃતક) અને તેના ભાઈ અજય ભારદ્વાજ દ્વારા માસ્ટરમાઈન્ડ કરવામાં આવ્યું હતું. તેણે જણાવ્યું કે ૨૦૧૫માં શરૂ થયેલો આ ગેરકાયદેસર કારોબાર વેરિએબલટેક પ્રાઈવેટ લિમિટેડના નામે ચાલતો હતો. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું હતું કે આ યોજનાએ રોકાણકારોને ૧૮-મહિનાના સમયગાળામાં બિટકોઈન પર દર મહિને ૧૦ ટકાના અસાધારણ વળતરની લાલચ આપી હતી અને તેમને બાહ્ય એક્સચેન્જોમાંથી ડિજિટલ ચલણ ખરીદવા અને ‘‘ક્લાઉડ માઈનિંગ’’ કોન્ટ્રાક્ટ દ્વારા ગેઈન બિટકોઈનમાં જમા કરવા કહ્યું હતું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ‘‘મોડલ મલ્ટિ-લેવલ માર્કેટિંગ (MLM) ના આધારે કાર્યરત હતું, જે સામાન્ય રીતે પિરામિડ જેવી પોન્ઝી સ્કીમ્સ સાથે સંકળાયેલું છે, જ્યાં ચૂકવણી નવા રોકાણકારોને ઉમેરવા પર આધારિત છે.‘‘

શરૂઆતના દિવસોમાં, રોકાણકારોને બિટકોઈનમાં ચૂકવણી કરવામાં આવી હતી, જેણે લોકોમાં તે એક આકર્ષક સાહસ હોવાનો ભ્રમ ઉભો કર્યો હતો. જો કે, ૨૦૧૭ સુધીમાં નવી મૂડીનો પ્રવાહ ધીમો પડતાં સત્ય બહાર આવવા લાગ્યું. ‘‘નુકસાનને આવરી લેવાના પ્રયાસરૂપે, ગેઈનબિટકોઈને એકપક્ષીય રીતે ચુકવણીને તેની કથિત ઇન-હાઉસ ક્રિપ્ટોકરન્સી ખઈઅડ માં રૂપાંતરિત કરી, જેનું મૂલ્ય બિટકોઈન કરતા નોંધપાત્ર રીતે ઓછું હતું, જેનાથી રોકાણકારો મૂંઝવણમાં મૂકાયા,’’ નિવેદનમાં જણાવાયું છે. મોટા પાયે કૌભાંડ અને તેની જટિલતાને લીધે, સમગ્ર ભારતમાં જમ્મુ અને કાશ્મીરથી મહારાષ્ટ્ર અને દિલ્હીથી પશ્ચિમ બંગાળ સુધી અનેક FIR દાખલ કરવામાં આવી હતી.

ગેરરીતિઓના વ્યાપક સ્વરૂપ અને તેની વૈશ્વિક અસરને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે આ તપાસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશનને સોંપી. સીબીઆઈના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ‘‘તપાસ એજન્સીએ આ કેસોને પોતાના હાથમાં લઈ લીધા છે અને છેતરપિંડીના તળિયે પહોંચવા, તમામ આરોપી પક્ષકારોને ઓળખવા અને વૈશ્વિક વ્યવહારો સહિત ઉચાપત કરાયેલા ભંડોળને શોધી કાઢવા માટે એક વ્યાપક તપાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.‘‘ એજન્સીએ જણાવ્યું હતું કે, સર્ચ દરમિયાન, કેટલાક ક્રિપ્ટો વોલેટ્સ, ડિજિટલ પુરાવા અને ઈમેલ/ક્લાઉડમાં હાજર ડિજિટલ ઉપકરણો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

**રોકાણકારોને ૧૮-મહિનાના સમયગાળામાં બિટકોઈન પર દર મહિને ૧૦ ટકાના અસાધારણ વળતરની લાલચ આપી હતી**

### આ યોજના ૨૦૧૭ થી પડી ભાંગી

શરૂઆતના દિવસોમાં, રોકાણકારોને બિટકોઈનમાં ચૂકવણી કરવામાં આવતી હતી, પરંતુ ૨૦૧૭ સુધીમાં જ્યારે નવા રોકાણકારો આવવાનું બંધ થઈ ગયું, ત્યારે આ યોજના ધીમે ધીમે પડી ભાંગવા લાગી. કૌભાંડને છુપાવવા માટે, ગેઈનબિટકોઈને તેના રોકાણકારોને બિટકોઈનને બદલે MCAP નામની તેની પોતાની ક્રિપ્ટોકરન્સીમાં ચૂકવણી કરવાનું શરૂ કર્યું, જેનું બજારમાં બહુ ઓછું મૂલ્ય હતું. જેના કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું હતું.



### હમે તો અપનોને લૂંટા જેવી બે ઘટના સામે આવીઃ પરિચીતો જ ઘા કરી જતાં પોલીસની લેવાઈ મદદ

# કર્મચારી શેઠના લાખો રૂપિયા ચોરી ગયો, મિત્રએ મિત્રને છેતર્યો

## ડાયમંડ ફેક્ટરીમાંથી ચોરી કરતો કર્મી કેમેરામાં કેદ થયોઃ બીજી તરફ પોલેન્ડના વિઝાના નામે યુવાનને ભેરૂબંધે ઠગાઈનો ડામ દીધો



રાજકોટઃ ફ્રોડ અને ચોરીની ઘટનાઓ રોજીંદી થઇ ચુકી છે. ઘણીવાર તો પરિચીતો જ ઘા કરી જતાં હોય છે. એક કિસ્સામાં આંગડીયા પેઢીનો કર્મચારી સાડા સાત લાખ ઉસેડીની નાસી ગયો છે. તો બીજી તરફ પોલેન્ડના વિઝાના નામે છેતરપીંડી થઇ છે. કોઇને કોઇ નુસ્ખાઓનો ઉપયોગ કરીને લોકોને છેતરી જનારા લેભાગુઓને કોઇની શરમ આડે આવતી હોતી નથી. તેમને બસ પોતાના ગજવા કઇ રીતે ભરાય છે તેમાં જ રસ હોય છે. હમે તો અપનોને લૂંટા જેવી બે આ બે ઘટનામાં ચોરી કરનાર અને છેતરનાર ભોગ બનનારના પરિચીત જ હતાં.

ચોરીની પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતના ભવાનીવડ સ્થિત પટેલ અમરતભાઈ માધવલાલ આંગડીયામાં અઢી વર્ષ અગાઉ નોકરીએ જોડાયેલો વિસનગરનો યુવાન રાત્રે તિજોરીમાં મુકેલા રૂ.૭.૫૬ લાખમાંથી રૂ.૭.૫૦ લાખ લઈ સોમવારે મળસ્કે નીકળી ગયો હતો અને મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો.આ અંગે મેનેજરે મહિધરપુરા પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસે વિગતો આપતા જણાવ્યું હતું કે ભવાનીવડ સ્થિત પટેલ અમરતભાઈ માધવલાલ આંગડીયામાં અઢી વર્ષ અગાઉ મેનેજર રજનીકાંતભાઈના રેફરન્સથી નોકરીએ જોડાયેલો હિતેષ મેલાભાઈ પટેલ રહે. ઘર નં. ૫૧-બી, ઉમિયાનગર સોસાયટી, એમ.એન.કોલેજ રોડ, વિસનગર ડાયમંડના પાર્સલની ડિલિવરીનું કામ કરતો હતો અને ઓફિસની ઉપર રૂમમાં અન્ય કર્મચારીઓ સાથે રહેતો હતો.

બાદમાં મેનેજર રજનીકાંતભાઈએ હિસાબ કરી રોકડા રૂ.૭.૫૬ લાખ તિજોરીમાં મુક્યા હતા.આજે સવારે તેમણે તિજોરી ખોલી તો તેમાંથી રૂ.૭.૫૦ લાખની ચોરી થયાની જાણ થતા તેમણે મુખ્ય મેનેજર ભરતભાઈ વિઠ્ઠલભાઈ પટેલને જાણ કરી હતી.તેમણે પેઢી ઉપર પહોંચી માણસોની પુછપરછ કરતા હિતેષ સવારથી દેખાતો નથી તેમ જાણવા મળ્યું હતું.આથી તેમણે હિતેષને મોબાઈલ ફોન કર્યો હતો પણ તે બંધ હતો. ભરતભાઈએ ઓફિસના સીસીટીવી કેમેરા ચેક કરતા હિતેષ રાતે૧૦.૧૮ કલાકે તિજોરીમાંથી પૈસા લેતો અને આજે સવારે ૫.૧૦ કલાકે પોતાનો થેલો લઈ બહાર જતો નજરે ચઢ્યો હતો. ભરતભાઈએ પેઢીના માલિક સાથે વાત કર્યા બાદ હિતેષ વિરૂધ્ધ મહિધરપુરા પોલીસ મથકમાં રૂ. ૭.૫૦ લાખની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ પોલેન્ડના વિઝાના નામે ફ્રોડ થયું હતું. જેમાં મિત્ર જ મિત્રને છેતરી ગયો હતો. પાટનગરમાં યુરોપીયન દેશ પોલેન્ડના વિઝાના બહાને કપડાના વેપારીને રૂપિયા નેવુ હજારનો ચુનો લગાડવા સંબંધે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં પાંચ વર્ષ જુના સંબંધ હોવાથી વેપારીએ વીઝાનું કામ કરતાં મિત્રને દસ મહિના પહેલા માંગ્યા મુજબ નાણા આપ્યા હતાં. પરંતુ ત્યાર બાદ કામ તો ન થયુ અને પૈસા પણ ગયા હતાં. સેક્ટર ૩માં રહેતા અને કપડાની દુકાન ધરાવતા સંદિપ રમેશભાઇ મહેતાએ આ સંબંધે ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સેક્ટર ૨૭માં એકતા કોલોનીમાં રહેતા પિયુષ મણીલાલ પરમારનું નામ દર્શાવ્યું છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે સંદિપની આરોપી સાથે પાંચ વર્ષ જુની ઓળખાણ હતી. પિયુષ વીઝાનું કામ કરતો હોવાથી તેણે પોલેન્ડના વીઝા અપાવી દેવાનો વિશ્વાસ આપીને ટુકડે ટુકડે રૂપિયા ૯૦ હજાર ફાઇલ ચાર્જ તરીકે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતાં.

આ સાથે તેણે માત્ર પંદર દિવસમાં વીઝાનું કામ થિ જશે તેમપણ જણાવ્યુ હતું. આ મુદ્દત પુરી થઇ જવા છતાં વીઝા નહીં મળવાના પગલે સંદિપ દ્વારા વાંવાર સંપર્ક કરવામાં આવ્યો ત્યારે દરેક વખતે પિયુષે કામ થિ જશે તેવા વાયદા આપવાનું શરૃ કર્યુ હતું. આખરે તાજેતરમાં સંદિપ જ્યારે કુડાસણમાં સ્થિત તેની ઓફિસ પર પહોંચ્યો ત્યારે પિયુષ હાજર મળી આવ્યો ન હતો. પરિણામે સંદિપે તેના ઘરે તપાસ કરી ત્યારે પિયુષના પિતાએ મારો દિકરો મારાં કહ્યામાં નથી તેવો ઉડાઉ જવાબ આપતાં વિશ્વાસઘાત થયાનું જણાતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમ એક કિસ્સામાં કર્મચારી લાખો રૂપિયાની ચોરી કરી શેઠને ચુનો લગાડી ગયો હતો, તો બીજા બનાવમાં મિત્રએ મિત્રને છેતરી લીધો હતો.

# હોકર્સ ઝોન પર આરોગ્ય તંત્ર ત્રાટક્યું

## ૪૦ ધંધાર્થીઓની કરવામાં આવી ચકાસણી જેમાં ૩૭ નમૂનાની સ્થળ પર જ કરાઈ તપાસ

રાજકોટ, તા..૨૫

રંગીલા રાજકોટના લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય તે માટે મહાનગરપાલિકા સતત ચિંતાતુર રહે છે એટલું જ નહીં એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી રહી છે કે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સમયાંતરે ઠેર ઠેર તપાસ અને ચકાસણી કરવામાં આવે છે અને અખાત્ય ચીજ વસ્તુઓનો ખોરાક ઝડપાય તો તેનો નાશ પણ કરાય છે. મહત્વનું એ છે કે આગામી દિવસમાં પણ આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવશે તેમાં કોઈ શંકા નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા ઘણા સમયથી જે ખાણીપીણીના વિક્રેતાઓ છે તેના દ્વારા અનેકવિધ રીતે લોકોના





સ્વાસ્થ્ય સાથે છેડા કરવામાં આવતા હોય છે અને વાસી ખોરાક નો ઉપયોગ કરવામાં આવે છે જે ન થાય તે માટે જ આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા ऋऋ૭ વાન સાથે શહેરના શાસ્ત્રી મેદાન સામે હોકર્સ ઝોન તથા રાજનગર ચોક થી માયાણી ચોક સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૪૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૪ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૩૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

એટલું જ નહીં ૧૪ પેઢીને લાયસન્સ મેળવવા બાબતે પણ સૂચિત કરવામાં આવી હતી જેમાં વિશાલ ઘૂઘરા , સોનું ઘૂઘરા, સીતારામ છોલે ભટુરે, જય સોમનાથ ઘૂઘરા,શ્રી રામદેવ ભેળ, રૂહી મોમઝ, પ્રકાશ ઘૂઘરા, જય માતાજી છોલેભટુરે , અમરનાથ ડેરી ફાર્મ, શિવ શક્તિ ઘૂઘરા, શ્રી હરિ ભોજનાલય, જૈનીલ ડાઈનિંગ હોલ, ગણેશ મદ્રાસ કાફે, અ ક્ષિં ણ ઘૂઘરાને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

બીજી તરફ ભૂરાભાઈ રાગડાવાળા , ક્રિષ્ના ઘૂઘરા, લલિતભાઈ ચાટવાલા, ક્રિષ્ના છોલેભટુરે , મની મદ્રાસ કાફે , જય મોમઈ છોલેભટુરે , બોમ્બે વડાપાઉં , શક્તિકૃપા દાળપકવાન , શક્તિ કોલ્ડ્રિંક્સ, રામભાઇ રગડાવાળા, સનમ ભૂંગળાબટેટા, સંતોષ નાસ્તા હાઉસ, મારુતિ ગાંઠિયા, શ્રધ્ધા શોપિંગ સેન્ટર, ગોકુલ સ્નેક્સ, પીઝા સ્ટુડિયો , એચ.એન.એન્ટરપ્રાઇઝ, રામવિજય ડ્રાયફ્રૂટ, ઢોસા બાઇટ, બાબુભાઇ રગડાવાળા, હરિ ઓમ ઢોસા , સંતોષ ભેળ, શિવાંશી પાણીપુરી, બાલાજી સાઉથ ઈંડિયન, કાકા સોડા શોપ , જય દ્વારકાધીશ ટી સ્ટોલની ચકાસણી કરવામાં આવેલ.

### લેવાયેલા નમૂનાની વિગત

(૧) ‘‘રસમલાઈ ગોલ્ડ‘‘ દેસી ગોળ (૮૦૦ ગ્રામ પેક્ડ)ઃ **સ્થળ– રિલાયન્સ રિટેલ લિમિટેડ, નાના મવા ચોક પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ.**

(૨) ZAHIDI DATES (500 GM PKD)ઃ **સ્થળ– રિલાયન્સ રિટેલ લિમિટેડ, નાના મવા ચોક પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ.**

(૩) ""NATURE'S CHOICE"" ROYALE FARD DATES (500 GM PKD)ઃ **સ્થળ– રિલાયન્સ રિટેલ લિમિટેડ, નાના મવા ચોક પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ.**

(૪) ""EMPEROR DATES"" ZAHIDI DATES (500 GM PKD)ઃ **સ્થળ– રિલાયન્સ રિટેલ લિમિટેડ, નાના મવા ચોક પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ.**

### નાની નાની વાતો ઘણીવાર વણસી જાય ત્યારેં આવી શકે છે લોહીયાળ અંજામ

# પેન્ટ ખેંચનારાને બે સાથી શ્રમિકે ક્રુરતાથી મોતને ઘાટ ઉતાર્યો

## મૃતકને રૂમ પાર્ટનર સાથે ઝઘડો થતાં બીજો શ્રમિક પોતાની સાથે સુવા લઇ ગયો ત્યાં તેણે પેન્ટ ખેંચતા ઝઘડો થયા બાદ તાવીથા, સ્કેલ, કોશના ઘા મારી હત્યા કરી



### હત્યાની બીજી ઘટનામાં નાસ્તાની લારી ચલાવતાં યુવાનને આઠ શખ્સોએ જુની અદાવતમાં પતાવી દીધો

રાજકોટઃ મજાક મશ્કરીની ઘટનાઓમાં ઘણી વખત વાત વણસી જતી હોય છે અને લોહીયાળ ઘટના બની જતી હોય છે. કંઇક આવો જ એક બનાવ સામે આવ્યો છે જેમાં પેન્ટ ખેંચવા મામલે એક યુવાનને તેના જ બે શ્રમજીવી સાથીએ નિર્વસ્ત્ર કરી બેફામ મારકુટ કરી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઇ છે. હુમલામાં લોખંડની કોશ અને રોટલી બનાવવાના તવાનો ઉપયોગ કરી તેના ઘા ફટકારી હત્યા નીપજાવાઇ હતી.

ચોંકાનવારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના નિમેટા ગામ પાસે આવેલા નર્મદા કેનાલ પાસેના સરદાર સરોવર નિગમના ક્વોટર્સમાં બે શ્રમજીવી યુવાનોએ સાથી મજૂર યુવાનને નિર્વસ્ત્ર કરી મોતને ઘાટ ઉતારી દેતાં સનસનાટી મચી ગઇ હતી. વાઘોડિયા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. હત્યાનો ભોગ બનેલા યુવાન અને હત્યારાઓ વડોદરા કોર્પોરેશનની આંજવાથી વડોદરા સુધી નાંખવામાં આવી રહેલી પાઇપ લાઇનના કોન્ટ્રાક્ટમાં કામ કરે છે. નિમેટા પંથકમાં ચકચાર જગાવી મૂકનાર આ બનાવ અંગે વાઘોડિયા પોલીસ મથક નોંધાયેલ ફરિયાદ મુજબ વિગત એવી છે કે વીએમસીની પાણીની પાઇપલાઇન નાખવાના કોન્ટ્રાકટર નીરલ પટેલના સુપરવાઈઝર રોમન પટેલ ઉપર ફોન આવેલ કે રાત્રે નર્મદા ક્વાર્ટરમાં ઝઘડો થયો હતો અને આ ઝઘડામાં રાહુલસિંઘ રામદેવસિંઘ અને સદાનંદ પપ્પુએ સાથી બેતાલીસ વર્ષના સંજયકુમારસિંઘ સત્યનારાયણસિંઘને માર મારી તેની હત્યા કરી હતી.હત્યાના આ બનાવની જાણ કોન્ટ્રાક્ટરને થતાં તેઓ નિમેટા સરદાર સરોવર નિગમના ક્વાર્ટર પાસે દોડી ગયા હતા. નિગમના લેટમા પહોંચેલા કોન્ટ્રાકટરે રૂમના હોલમાં નીચે લાદી ઉપર તેમજ દિવાલના ભાગે લોહીના નિશાનો જોતાં ચોંકી ઉઠ્યો હતો. રૂમમાં વધુ તપાસ બાથરૂમમાં સંજયકુમારસિંઘ નિર્વસ્ત્ર હાલતમાં મરણ ગયેલ હાલતમા પડેલો જોયો હતો. આ દરમિયાન કોન્ટ્રાક્ટરે હાજર માણસોને ભેગા કરી પ્રથમિક પૂછપરછ કરતા અજીતકુમાર રામબિચારસિંઘે જણાવેલ કે રાત્રીના આઠેક વાગે સંજયકુમારસિંઘ તથા સદાનંદ વચ્ચે ઝઘડો થયો હતો ત્યારે બાજુના રૂમમા રહેતા રાહુલસિંઘ સંજયસિંઘને પોતાના રૂમમાં સુવા માટે લઈ ગયા.


ત્યારબાદ રાત્રીના દસેક વાગ્યાની આસપાસ રાહુલસિંઘ સંજયસિંઘ સાથે ઝઘડો કરી પોતાના રૂમની બહાર આવી અમારા રૂમમાથી સદાનંદને બોલાવી રાહુલે કહ્યું હતું કે સંજયસિંઘ મારૂ પેન્ટ ઉતારતો હતો એટલે તેને સબક શીખવાડવા સદાનંદ રાહુલસિંઘની સાથે તેના રૂમમાં જઇ સંજયકુમારસિંઘ સાથે ઝઘડો કરી મારામારી કરી હતી. આ દરમિયાન સંજયસિઘને રાહુલસિંઘ અને સદાનંદે રૂમની અંદર લોખંડની ફુટપટ્ટી તથા લોખંડના સળીયાથી બનાવેલ કાશ તથા રોટલી બનાવવા માટેના તવા વડે માર મારી તેની હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ તેની લાશ બાથરૂમમાં મૂકી દીધી હતી. આ બનાવ અંગે કોન્ટ્રાક્ટર નિરલ પટેલે આરોપી રાહુલસિંગ રામદેવસિઘ અને સદાનંદ પપ્પુ સામે વાઘોડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી. આમ મજાક કે પછી બદઈરાદે પેન્ટ ખેંચવાના મામલે શ્રમીકને તેના જ બે સાથી શ્રમીકોએ ક્રુરતાથી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઈ હતી.

હત્યાની બીજી એક ઘટનામાં સુરતના ડિંડોલી વિસ્તારમાં પાંત્રીસ વર્ષીય યુવક સલીમ શાહની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. ભેસ્તાન આવાસ ખાતે આઠ જેટલા શખસોએ ચપ્પુના ઘા ઝીંકી યુવકને મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા. ઘટનાને લઈને ડિંડોલી વિસ્તારના લોકોમાં ભય અને ઉહાપોહ ફેલાયો છે. વિગતો અનુસાર, સલીમ શાહ ભેસ્તાનમાં નાસ્તાની દુકાન ચલાવતો હતો. તે દુકાનની બહાર ઉભો હતો ત્યારે આઠ શખસોએ તેના પર ચપ્પુ વડે તાબડતોબ હુમલો કરી દીધો. હુમલાખોરોએ સલીમ શાહના શરીર પર અતિશય ઘા ઝીંકી મોત નીપજાવ્યું.

ત્યારબાદ હત્યારાઓ ઘટનાને અંજામ આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા. સલીમના પરિવારજનો અને સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો છે કે, આ હત્યા એક જૂથ દ્વારા યોજાયેલી છે. જૂની અદાવત કે વ્યક્તિગત દુશ્મનાવટ આ હત્યા પાછળનું કારણ હોવાની શક્યા છે. ઘટનાની જાણ થતાં ડિંડોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને શવને પીએમ માટે મોકલી આરોપીઓને પકડવા માટે તપાસ શરૂ કરી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાની શક્યતા છે, અને પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા હતાં.


શિવ... શિવ... શિવ... શિવ... આદિ અનંત શિવ યોગી મહાદેવ

# ચપટી ભભૂત મેં હૈ ખજાના કુબેર કા



## આજે ભાવભેર ઉજવાશે

# મહા શિવરાત્રી



**શહેરના નાના-મોટા શિવાલયો ભકતોથી ઉભરાશે : ઠેર ઠેર રુદ્રાભિષેક, ભાંગ પ્રસાદના આયોજનો : મંદિરો, સંસ્થાઓ, ભાવિકો દ્વારા મહાશિવરાત્રી નિમિતે મહાદેવને પ્રસન્ન કરવા શણગાર, આરતી, દીપમાળા, પૂજન, ભજન, ભોજન આયોજન**

રાજકોટ મિરર, તા.૨૬

આજે ભોલાનાથને રીઝવવાનું પર્વ મહ-ાશિવરાત્રી છે. શહેરમાં શિવભકતો શિ-વમય બનવા થનગની રહ્યા છે. આ માટે નાનામોટા શિવાલયોને શણગાર સાથે આખો દિવસ વિવિધ ધાર્મિક કાર્યક્રમ-ોના આયોજનો કરવામાં આવ્યા છે. મોટા શિવ-ાલયોમાં સવારથીજ ભકતોની લા-ઈનો લાગી જશે. ભાવિકો દ્વારા રુદ્રાભિષેક, દુગ્ધા-ભીશેકના આયોજનો વચ્ચે ભાંગ-પ્રસાદના આયોજનો કરાયા છે. શહેરમાં ભાવ-ભેર બમ બમ ભોલેનાથ અને હર હર મહાદેવના નારા વચ્ચે ઉજવાનાર શિવર-ાત્રીની અને આજના દિવસે નીકળનાર શોભ-ાયાત્રાની મળેલી વિગતો અહી પ્રસ્તુત છે.

રણછોડદાસજીબાપુ આશ્રમ

સદ્દગુરૂ સદન ટ્રસ્ટ પ્રેરીત પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ ખાતે આજે મહાશિવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. શ્રી મંગલેશ્વર મહાદેવનું પ્રથમ પ્રહરનું પૂજન સવારે ૫ કલાકે કરાયા બાદ સવારે ૬ કલાકે આરતી તેમજ બપોરે ૧૧ વાગ્યે દ્વીતીય પ્રહરનું પૂજન અને ૧૨ વાગ્યે આરતી, સાંજે ૬ વાગ્યે તૃતીય પ્રહર પુજન અને સાંજે ૭ વાગ્યે આરતી તેમજ ચતુર્થ પ્રહર પૂજન રાત્રે ૧૧ કલાકે અને રાત્રે ૧૨ વાગ્યે આરતી થશે. મહાશિવરાત્રી નિમિતે ૨૪ કલાક અખંડ ૐનમઃશિવાય મહામંત્રની આહુતિ સાથે મહાયાજ્ઞ રાખેલ છે. બપોરે ૧૨.૩૦ વાગ્યે ભાંગની પ્રસાદીનું વિતરણ કરાશે.

રામ મંદિર રતનપર

સવારથી સાંજ સુધી અખંડ શિવપૂજન, રૂદ્રાભિષેક તેમજ ૐનમઃશિવાયનો મંત્રજાપ થશે. બપોરે ૧૨ કલાકે મહાઆરતી બાદ ભાવિકો માટે ઉદ્યોગ શ્રેષ્ઠી રમેશભાઇ રાચ્છ પરિવારના સૌજન્યથી શુધ્ધ ઘીમાંથી નિર્મિત ફરાળી મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. દાણાપીઠ, માર્કેટ યાર્ડના વ્યાપારીઓ, સામાજીક અગ્રણીઓ, સિયા-રામ મંડળીઓના હોદેદારો, રતનપર અને ગૌરીદડના સેવક કાર્યકરો ઉપસ્થિત રહેશે.

ગીતા વિદ્યાલય

જંકશન પ્લોટ ખાતે શ્રી મહનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ખાતે શ્રી રામેશ્વર મહાદેવના સાનિધ્યમાં મહાશિવરાત્રી ઉત્સવ ઉજવાશે. સવારે ૭ થી ૧૨ સુધી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શિવપૂજન, રૂદ્રાભિષેક થશે. બપોરે ૧૨ વાગ્યે મહાઆરતી બાદ ભાંગની પ્રસાદીનું વિતરણ કરાશે. શિવજીને બીલીપત્ર, જળ, પુષ્પ અને વિવિધ ધાન્યનો અભિષેક કરાશે. દર્શનનો સમય સવારે ૬ થી ૧૨.૩૦ અને સાંજે ૪.૩૦ થી ૧૦ સધુનો છે. સાંજે ૭ વાગ્યે ઓમકાર આકારની ૧૦૮ દીપમાળા સાથે આરતી થશે.

પુનિત સદ્દગુરૂ ભજન મંડળ

પુનિત સદ્દગુરૂ ભજન મંડળ દ્વારા મહાશિ-વરાત્રી નિમિતે સંત પુનિત અને મહાદેવજીના ભજનનો કાર્યક્રમ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, સી-વીલ હોસ્પિટલ , ઈમરજન્સી વિભાગ પાસે યોજાશે. રાત્રે ૧૨ વાગ્યે મહાઆરતી થશે. તેમજ સવીલ હોસ્પિટલના લાભાર્થે સ્વામી શ્રી નિર્દોષાનંદજી સેવા ગ્રુપ દ્વારા મહારકતદાન શીબીર સવારે ૮ થી ૧૨ રખાઈ હોવાનું જયેશભાઇ નથવાણી અને રાજેશભાઇ ગીડાએ જણાવ્યું છે.

કોટેશ્વર મહાદેવ મંદિરે શિવઆરતી કોઠારીયા કોલોની ખાતે આવેલ શ્રી કોટેશ્વર મહાદેવ મંદિરે આજે સવારે મંગળા આરતી, ધ્વજા રોહણ, બપોરે ૧૨ વાગ્યે મહાઆરતી, ભાંગની પ્રસાદીનું વિત-રણ તેમજ સાંજે ધૂન ભજન તથા સાંજે ૭.૩૦ વાગ્યે ૧૦૮ દીપદાન, દીપમાળાની ઓમકાર મહ-ાઆરતી તેમજ રાત્રે ૪ પ્રહરની આરતી, મહાપૂજા થશે. ભાવિકોએ લાભ લેવા વિક્રમસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, બટુકસિંહ જાડેજા, પરેશભાઇ કારીયા, ક્રિપાલસિંહ જાડેજા, રશ્વીનભાઇ જાદવ, સિધ્ધરાજસિંહ પી. જાડેજા, સનિ જાદવ, હિતે-ષભાઇ સોલંકી, હેમલ ચૌહાણ, જયભાઇ વિશાલ, હિતેષભાઇ, પ્રતાપસિંહ જાડેજા, દીલીપસિંહ જાડ-ેજા, ધર્મદીપસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ, કિરીટસિં-હ, મનોજભાઇ, ક્રિપાલસિંહ તથા મંદિરના પુજારી રસીકગીરી બાપુ (અતીત)એ અનુરોધ કર્યો છે.

મહાકાલેશ્વર મંદિર-માલવિયા ચોક

શ્રી મહાકાલેશ્વર મંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી મહાકાલેશ્વર મંદિર, માલવિયા ચોક, પેટ્રોલ પંપ સામે ગોંડલ રોડ ખાતે કાલે બુધવારે મહાશિવરાત્રિ પર્વની દિવ્ય-ભવ્ય ઉજવણી થનાર છે. ટ્રસ્ટે સૌ ભાવિકોને કાર્યક્રમો અને પ્રસાદનો લાભ લેવા માટે નિમંત્રણ પાઠવેલ છે. આજે સવારે ૯.૩૦ વાગ્યે શિવજીના જયધોષ સાથે સમુહ ધ્વજાઆરોપહણ થશે. બપોરે ૧૨ વાગ્યે આરતી બાદ ભાંગ વિત-રણ થશે. ૧૦.૩૦ વાગ્યાથી ભાવિકો માટે ફરાળી મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. શ્રૃંગાર દર્શન સાંજે ૭ વાગ્યે અને સાંધ્ય આરતી ૭.૩૦ વાગ્યે રાખેલ છે. દર્શનીય દીપમાળા પણ થશે. ચારપ્રહરની આરતીનો સમય રાત્રે ૯, ૧૨, ૩ અને ૫ વાગ્યાનો રહેશે. શિવભકતો દ્વારા શિવરાત્રિની ઉજવણીની તડામાર તૈયારી ચાલી રહી છે. મહાકાલેશ્વર મંદિર ૨૦૦ વર્ષથી વધુ પુરાણુ અને ભકતોની અતૂટ આસ્થાનું કેન્દ્ર છે.

શ્રી દશનામ ગોસ્વામી સમાજ દ્વારા રથયાત્રા

શ્રી દશનામ ગોસ્વામી સમાજ, શિવ રથયાત્રા સમિતિ રાજકોટ દ્વારા સનાતન શિવ રથયાત્રાનુ સતત ૧૩ મા વર્ષે આયોજન કરાયું છે. આ વર્ષે યાત્રાના મુખ્ય ધર્મ રથમાં બારમી જ્યોર્તિલિંગ એવા દાદા ધુષ્ણેશ્વર બિરાજમાન થશે. દાદાને રીઝવવા વિવિધ ધર્મ સભર કાર્યક્રમો થશે. આ મહાયાત્રા-માં રાજસ્થાની લોક નૃત્યકારો, નાસિક ઢોલ મંડ-ળી, રામ દિવાના જાકે ગ્રુપ-જયપુર (રાજસ્થાન), થાનની પ્રખ્યાત રાસ મંડળી, અઘોરીના પહેર-વેશમાં શિવ ગણો તેમજ દેશ આખામા વિખ્યાત એવી ગોપાલ ગૌશાળાના ખેરડી ના૨૦૦ કલ-ાકારો મહાદેવને રીઝવવા બેન્ડ સહિતના વાંજીત્રો સાથે કળતિઓ રજૂ કરશે. હાથી, ઘોડા અને ઊંટની સવારીઓ સાથે ચાલશે. લાઈટિંગવાળી ઈલેક્ટ્રિક છત્રીઓ સાથે યાત્રા મા અનેરી ઝગમગાટ જોવા મળશે, મુખ્યના દર્શનનો લ્હાવો મળશે. હજારોની સંખ્યામાં યુવા બાઇક સવારો અગ્ર હરોળમાં રહેશે. - નાના મોટા, સૌ કોઈ દાદાના સાનિધ્યમાં પગપાળા ચાલતા ધન્યતાનો અનુભવ પ્રાપ્ત કરશે. ઉપરાંત વિવિધ સંસ્થાઓના ધાર્મિક તેમજ સામાજિક ફ્લ-ોટ્સ તો ખરાજ. તો ઓવો આવી ભવ્ય, દિવ્ય અને અદભૂત શિવ રથયાત્રામા જોડાઈને મહાદેવના ગુણગાન ગાવા સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે. શિવયાત્રા આજે બુધવારે બપોરે ૩૦:૩૦ વાગ્યે કમલેશ્વર મહાદેવ મંદિર કોઠારીયા રોડથી પ્રારંભ થઇ વિવિધ સ્થળો પર ફરી સાંજે ૭:૩૦ વાગ્યે ચોધરી હાઈસ્કુલના મેદાનમાં હાઈસ્કુલના મેદાનમાં વિરામ કરશે ત્યાં આરતી-મહાપ્રસાદ છે.



# રામનાથ મહાદેવ મંદિર પરિસરની સાફ-સફાઈ

## મહાશિવરાત્રીના પાવન પ્રસંગને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાએ હાથ ધરી સ્વચ્છતા ઝુંબેશ

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાશિવરાત્રીના પવિત્ર તહેવાર અંતર્ગત રામનાથ મહાદેવ મંદિરપરિસર અને આસપાસના વિસ્તારમાંસઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. આ 'સફાઈ ઝુંબેશ' કામગીરીના નિરીક્ષણ માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓએ મુલાકાત લીધી હતી.

લગભગ ૫૫૦ વર્ષ પહેલા સ્વયંભૂ રીતે પ્રગટ થયેલ રામનાથ મહાદેવ આજી નદીના કાંઠે બિરાજે છે. આજી નદીના બંને વહેણો વચ્ચે સુંદર પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે બિરાજેલ દેવોના દેવ મહાદેવ ભાવિકો સાથે રાજકોટનું આસ્થા બિંદુ છે. જયારે આજી નદીમાં પૂર આવે ત્યારે આજી નદી પણ રામનાથ મહાદેવનો જલાભિષેક કરે છે. શ્રી રામનાથ મહાદેવના દર્શન તથા પૂજા માટે૨૪ કલાક ભકતજનો આવે છે.શહેરનો સૌથી પ્રાચીન વિસ્તાર જુનું રાજકોટનું રામનાથપરા 'છોટેકાશી' તરીકે જાણીતું છે. મહાશિવરાત્રી પવિત્ર તહેવાર નિમિતે રાજકોટના હજારો ભક્તો રામનાથ મહાદેવના દર્શન તથા પૂજાનો લાભ લેતા હોય છે.

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા રામનાથ મહાદેવ મંદિર પરિસર તેમજ આજુબાજુની સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ.જેમાં, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ૪૦ સફાઈ કર્મચારીઓ, જે.સી.બી-૨, ડમ્પર-૩, ટ્રેક્ટર-૨ તથા મીની ટીપર દ્વારા ૨૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

આ સફાઈ ઝુંબેશની કામગીરીનું નિરીક્ષણ માટે ગઈકાલે મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા,સેનિટેશન ચેરમેન નિલેશભાઈ જલુ,વોર્ડ નં.૭ના કોર્પોરેટર જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, રાજકોટ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલએ મુલાકાત લેવામાં આવી. રામનાથપરા મહાદેવ મંદિર પરિસર તથા આસપાસસ્થળની સંપૂર્ણ સફાઈ જળવાઈ રહે તેમજ મહાશિવરાત્રીના તહેવાર બાદ પણ સફાઈ કામગીરી કરવા અંગે પર્યાવરણ ઇજનેર પ્રજેશ સોલંકી, નાયબ પર્યાવરણ ઇજનેર દિગ્વિજયસિંહ તુવર, સેનિટેશન ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર તથા સેનેટરી સબ ઈન્સ્પેકટરને જરૂરી સુચના આપવામાં આવી.

# કલેકટર કચેરી ખાતે રેવન્યુ સચિવની વીડીયો કોન્ફરન્સ

## લેન્ડગ્રેબીંગની બેઠક હાલ મોકુફઃ રેવન્યુ કામગીરી અંગે હાથ ધરાઈ સમીક્ષા

રાજકોટ, તા. ૨૫

ગઈકાલે કલેક્ટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબિંગની બેઠક મળવાની હતી પરંતુ રાજ્યના મહેસુલ સચિવ દ્વારા રાજયના તમામ કલેકટરો સાથે વિડિયો કોન્ફરન્સ યોજાતા બેઠકને મુલતવી રાખવામાં આવી હતી મળતી માહિતી મુજબ આ બોર્ડ બેઠકમાં આશરે ૧૦૦ કેસ મૂકવામાં આવ્યા હતા. ત્યારે હવે આ બેઠક ક્યારે યોજાશે તે અંગે હજુ કોઈ અંદાજો આવ્યો નથી અને તે બાબતની કોઈ સ્પષ્ટતા પણ કરવામાં આવી નથી. રાજયના મહેસુલ સચીવ દ્વારા ગઈકાલે બપોરના રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી મહેસુલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ વિડીયો કોન્ફરન્સના પગલે રાજકોટ કલેકટર દ્વારા આજે બપોરના આયોજીત કરાયેલ લેન્ડ ગ્રેબીંગની બેઠક મોકુફ રાખી દેવામાં આવી હતી. આ બેઠકમાં ૧૦૦થી વધુ કેસો મુકવામાં આવેલ હતા. જયારે ગઈકાલે સવારના ઉઘડતી કચેરીએ રાજય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પણ રાજકોટ સહિત રાજયના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી પ્રવાસન સ્થળોના વિકાસના મામલે સમીક્ષા કરી હતી.

રાજકોટ કલેકટર ની જો વાત કરવામાં આવે તો હાલ રાજ્યભરમાંથી જે સૂચનાઓ મળી રહી છે તેમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે એક તરફ ગેરકાયદે દબાણો દૂર કરવા અને બીજી તરફ મહેસુલ વિભાગમાં કરવામાં આવેલી કામગીરીની સાથોસાથ સરકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટે હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે યોજનરી લેન્ડગ્રેબિંગ બેઠકમાં જે ૧૦૦ કેસ આવ્યા હતા મૂકવામાં તેના પર કોઈ પણ પ્રકારની ચર્ચા થઈ શકી નથી.

જોવાનું એ રહ્યું કે આગામી કયા દિવસે આ બેઠક મળશે. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા જે મહેસૂલી કામગીરીમાં શુ સ્ટેટસ છે તે જાણવા માટે હાલ ગઈકાલે રેવન્યુ સચિવ દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં રાજયના તમામ કલેકટરો જોડાયા હતા.

# જિલ્લા સહકારી ખ.વે. સંઘમા ભાજપનો ભગવો : ૧૯ ઉમેદવારો બિનહરીફ

રાજકોટ, તા. ૨૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો તો એવી જ રીતે રાજકોટ જિલ્લા સહકારી ક્ષેત્રની ચૂંટણીમાં જયેશ રાદડિયા નો દબદબો જોવા મળ્યો હતો. માહિતી મુજબ રાજકોટ જિલ્લા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં તમામ ડાયરેક્ટર બિનહરીફ જાહેર થયા હતા જેમાં જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની પાંચ વર્ષની ટમ પૂર્ણ થયા બાદ જે સામાન્ય ચૂંટણીઓ યોજાઈ તેમાં ભાજપ પ્રેરિત પેનલના ૧૯ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા હતા જ્યારે સંઘના ૧૨ પ્રતિનિધિ અને મંડળીના ૭ પ્રતિનિધિઓ બિનહરીફ થયા હતા. રાજકોટ જિલ્લા સહકારી ક્ષેત્રમાં ફરી એક વખત જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાનું વર્ચસ્વ યથાવત રહ્યું છે. રાજકોટ જિલ્લા ખરીદ-વેચાણ સહકારી સંઘની કુલ ૧૯ બેઠકની તબકકાવાર ચૂંટણી યોજાઇ હતી, જેમાં મંડળીઓના ૭ પ્રતિનિધિઓની ચૂંટણીમાં રાદડીયા જૂથના સાતે ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા હતા તેમજ સંઘ પ્રતિનિધિ વિભાગ અને ઈતર વિભાગની ૧૨ બેઠકની ચૂંટણીમાં પણ તમામ ઉમેદવાર બિનહરિફ ચૂંટાયા હતા.

રાજકોટ જિલ્લા ખરીદ વેચાણ સંઘની ૧૯ બેઠકમાં તમામ ડિરેક્ટર બિનહરીફ જાહેર થયા છે. જ્યારે હવે પ્રમુખોની ચૂંટણી યોજવામાં આવશે. રાજકોટ જિલ્લા સંઘમાંથી ૭ અને મોરબી જિલ્લા સંઘમાંથી ૩ ઉમેદવારને ડિરેક્ટરમાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે હવે પ્રમુખોની ચૂંટણીની જાહેરાત માર્ચ મહિનામાં કરવામાં આવે તેવી સંભાવના છે. જિલ્લા ખરીદ-વેચાણ સહકારી સંઘના બોર્ડમાં બે જિલ્લા સહકારી બેંકના તથા બે કો ઓપ્ટ સભ્યો મળી કુલ ૨૩ સભ્યનું બોર્ડ બનશે.

**હવે જિલ્લા કલેકટર યોજશે પ્રમુખની ચૂંટણી**

રાજકોટ મિરર તંત્રીની કલમે

# શિવોહમ્ શિવોહમ્

## શિવ સાધનામાં નશો કરવો ફરજિયાત નથી શિવજી ભોળા છે, પણ



બમ બમ ભોલેના નાદથી ગીરથી માંડીને હરિદ્વાર હિમાલય ગુંજી રહ્યા છે. આજે મહાશિવરાત્રીનું મહાપર્વ છે. નાના-મોટા શિવાલયોમાં ભાવિકો ઉભરાઈ રહ્યા છે. શિવતત્વ સામાન્ય છે. શિવજી દેવાધિદેવ મહાદેવ છે. એ ભોળાનાથ પણ છે અને તાંડવના દેવતા પણ છે.

શાસ્ત્રોનો ઉઘાડ કરો તો શિવશાધકો અને શિવ સાધનાઓનો દરિયો ઘૂઘવી રહ્યો છે. તંત્ર, મંત્ર, જ્ઞાન અને ભક્તિ આ ચારેય માર્ગોથી શિવજીને પ્રસન્ન કરી શકાય છે. શિવત્વમાં એટલી સરળતા છે કે પવિત્ર ભાવથી માત્ર બીલીપત્ર અર્પણ કરો તો પણ એ પ્રસન્ન થઈ જાય છે.

જોકે વર્તમાન સમયમાં શિવજીની ભક્તિથી માંડીને શિવ સાધના ધમધોકાર ચાલે છે. મોટાભાગના શિવ સાધકો, ભક્તો માને છે કે શિવ ઉપાસનામાં નશા કરવા પડે. અસંખ્ય ભક્તો સાધુઓ એવા હશે કે એ નશો કરવા માટે શિવજીની ભક્તિ કે સાધના કરતા હશે અથવા કરવાના નાટક કરતા હશે.

શાસ્ત્રોમાં ધરબાયેલુ વિજ્ઞાન જાણ્યા વગર મોટાભાગના ધાર્મિક લોકો મોજ કરવા જ ધર્મ ક્ષેત્રમાં સક્રિય હોય તેમ લાગે છે. વિજ્ઞાન જાણો તો જે માન્યતા છે એ ભંગ થાય. કોઈપણ સાધનાના પ્રારંભકાળમાં મન સ્થિર ન રહે. આવા સાધકો ભાંગ પીએ તો રટણ શરૂ થઈ જાય. આ રીતે મંત્રના રટણની ટેવ પાડવા માટે ભાંગ ઘણાને ઉપયોગી બનતી હોય છે. જ્યારે તન, મનમાં શિવભક્તિનો નશો ચઢી જાય ત્યારે અન્ય નશાની જરૂર રહેતી નથી આ શાસ્ત્રોનો મુખ્ય ટ્રેક છે.

બને છે એવું કે શિવભક્ત ભાંગ સહિતના વિવિધ નશામાં એટલા મસ્ત બની જાય છે કે શિવજી જ ભૂલાઈ જાય છે. આવા ધાર્મિકોને શિવ વગર ચાલે પણ નશા વગર ન ચાલે એને ભક્ત કે સાધક નહીં પણ નસેડી કહેવાય. તેમની પાસે કદાચ થોડી સિદ્ધિ હોય પરંતુ આધ્યાત્મિક ગતિ હોતી નથી.

ઘણા એવો તર્ક કરે છે કે શિવજી નશો કરતા તેથી તેના ભક્તે નશો કરવામાં વાંધો નહીં. આવી માન્યતા કે આવો તર્ક પણ બકવાસ છે. શિવજીને દેવાધિદેવ એટલે કે દેવોના દેવ શા માટે ગણવામાં આવે છે ? અમૃતમંથન થયું ત્યારે અમૃત ગટગટાવીને અમર થવા દેવો અને રાક્ષસો ધંધે લાગ્યા હતા. સમુદ્ર મંથન બ્રહ્માંડની મહાપ્રક્રિયા હતી. અમૃત પૂર્વે મંથન પ્રક્રિયામાંથી ઘણું નીકળ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન હળાહળ ઝેર પણ નીકળ્યું હતું.

આ ઝેર પીવા કોઈ તૈયાર ન થયું ત્યારે શિવજી ગટગટાવી ગયા હતા અને કંઠ પર રોકી રાખ્યું હતું. આ કારણે નીલકંઠ ગણાયા હતા. બ્રહ્માંડને ઝેરથી ઉગારીને મહાદેવ કહેવાયા હતા. શિવજીને નામે નશો કરનારા બ્રહ્માંડ પર સંકટ આવે ત્યારે ઝેર ગટગટાવવાની ત્રેવડ ધરાવે છે ? એ ઝેર હોજરી સુધી પહોંચવું ન જોઈએ. મોટાભાગના નસેડી ભક્તો પોતાના પરિવાર પર સંકટ આવે તો પણ ભાગી જાય છે. શિવજીના નામે નશો કરનારા યાદ રાખે કે શિવજી ભોળા છે, મૂરખ નથી. એ તાંડવ પણ જાણે છે.

!! લાખ રૂપિયાની વાત !!
ઘણી વાર જિંદગીમાં તકલીફો
આપણી પરીક્ષા લેવા માટે
નથી આવતી,
પણ આપણી સાથે
જોડાયેલા
લોકોની સાચી
ઓળખાણ
કરવા માટે આવે છે...

પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સરકારે પછાત અને લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી છીનવી શિષ્યવૃત્તિ : ખડગે

## ખડગેનો આરોપ,લાભાર્થીઓની સંખ્યામાં દર વર્ષે ભારે ઘટાડો : શિષ્યવૃત્તિ પર ભંડોળ પણ ઓછું ખર્ચાયુ

નવીદિલ્હી, તા. ૨૫



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે કેન્દ્ર સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં તેણે લખ્યું કે સરકારે દલિત, આદિવાસી, પછાત અને લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી શિષ્યવૃત્તિ છીનવી લીધી છે. ખડગેએ આરોપ લગાવ્યો કે મોદી સરકાર હેઠળ, લાભાર્થીઓની સંખ્યામાં દર વર્ષે ભારે ઘટાડો કરવામાં આવ્યો હતો, અને આ વસ્તુ પર ભંડોળ પણ ઓછું ખર્ચવામાં આવ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને સંબોધતા પોસ્ટમાં લખ્યું કે, 'તમારી સરકારે દેશના જઈ, જઝ, ઘઇઈ અને લઘુમતી યુવાનોની શિષ્યવૃત્તિ છીનવી લીધી છે. સરકારી આંકડાઓ દર્શાવે છે કે મોદી સરકારે તમામ શિષ્યવૃત્તિઓમાં લાભાર્થીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો કર્યો છે અને વર્ષ-દર વર્ષે ફંડ પર સરેરાશ ૨૫ ટકા ઓછો ખર્ચ કર્યો છે. ખડગેએ લખ્યું કે 'જ્યાં સુધી દેશના નબળા વર્ગના વિદ્યાર્થીઓને તકો નહીં મળે અને તેમની કુશળતાને પ્રોત્સાહિત કરવામાં નહીં આવે ત્યાં સુધી આપણે આપણા દેશના યુવાનો માટે નોકરીઓ કેવી રીતે વધારી શકીશું? સબકા સાથ, સબકા વિકાસનું તમારું સૂત્ર દરરોજ નબળા વર્ગોની આકાંક્ષાઓની મજાક ઉડાવે છે. આ સાથે ખડગેએ નબળા અને લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિનો ડેટા પણ શેર કર્યો હતો.

આ પહેલા ખડગેએ પીએમ મોદીની આસામ મુલાકાત પર પણ નિશાન સાધ્યું હતું. સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં ખડગેએ લખ્યું છે કે 'તાજેતરમાં, આસામમાં કોંગ્રેસના નેતાઓ પર શારીરિક અને રાજકીય બંને રીતે હુમલો કરવામાં આવ્યો હતો. જનતા આનો જવાબ આપશે. આસામ રાજ્ય ભાજપના જમીન માફિયાઓ દ્વારા ભ્રષ્ટાચાર, નફરત અને કુશાસનનું પરિણામ ભોગવી રહ્યું છે. ખડગેએ લખ્યું કે 'યુવાનોની બેરોજગારી, ચાના બગીચાના કામદારોની લાચારી, ગેરકાયદેસર વિદેશીઓના મુદ્દે સુપ્રીમ કોર્ટની ઠપકો અને ભાજપનો દંભ બધા જાણે છે. રાજ્ય વિકાસના દરેક સ્તરે પાછળ રહી ગયું છે. ખડગેએ પૂછ્યું કે જ્યાં સુધી દેશના નબળા વર્ગના વિદ્યાર્થીઓને તકો ન મળે અને તેમની કુશળતાને પ્રોત્સાહન ન મળે ત્યાં સુધી યુવાનો માટે નોકરીઓ કેવી રીતે વધશે. જઈ, જઝ, ઘઇઈ અને લઘુમતી વિદ્યાર્થીઓ માટે ''ઘટતી'' શિષ્યવૃત્તિના આંકડાઓ શેર કરતા, તેમણે કહ્યું કે આ શરમજનક સરકારી આંકડા દર્શાવે છે કે મોદી સરકારે માત્ર તમામ શિષ્યવૃત્તિઓમાં લાભાર્થીઓમાં ભારે ઘટાડો કર્યો નથી પરંતુ વર્ષે સરેરાશ ૨૫ ટકા ઓછું ભંડોળ પણ ખર્ચ્યું છે. જ્યાં સુધી દેશના નબળા વર્ગના વિદ્યાર્થીઓને તકો ન મળે અને તેમની કૌશલ્યને પ્રોત્સાહન આપવામાં ન આવે ત્યાં સુધી આપણે આપણા દેશના યુવાનો માટે નોકરીઓ કેવી રીતે વધારી શકીશું?

# અમેરિકાએ ભારતની ચાર કંપનીઓ પર લાદ્યો પ્રતિબંધ

## ઈરાન સાથે ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની ડીલ કરવા અંગે લેવાયો નિર્ણય

નવીદિલ્હી, તા. ૨૫



અમેરિકાએ ઈરાન સાથે ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની ડીલ કરવા બદલ ૪ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની ઈરાન સામે દબાણ વધારવાની નીતિના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમેરિકાના વિદેશી સંપત્તિ નિયંત્રણ વિભાગે આ નિર્ણય લીધો છે. આ અંતર્ગત અમેરિકી વિદેશ મંત્રાલયે ઘણા દેશોના ૩૦ લોકો અને ૪ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ પાસેથી મળેલી માહિતી મુજબ, જે ચાર ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે તેમાંથી એક નવી મુંબઈ સ્થિત ફ્લક્સ મેરીટાઇમ એલએલપી છે. આ સિવાય એનસીઆરથી કાર્યરત બીએસએમ મરીન અને ઓસ્ટિનશિપ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. અમેરિકાએ તંજાવુર સ્થિત કોસ્મોસ લાઇન્સ પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

પ્રથમ ત્રણ કંપનીઓ પર ઈરાની તેલ વહન કરતા જહાજોનું સંચાલન સંભાળવા પર પ્રતિબંધ છે. વધુમાં, કોસ્મોસ લાઇન્સને ઈરાની તેલના પરિવહનમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અમેરિકાએ ઝઅઊ અને હોંગકોંગના તેલ દલાલો પર પણ નિયંત્રણો લાદ્યા છે. આ સિવાય અમેરિકાએ ભારત અને ચીનના ટેન્કર ઓપરેટર્સ પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. અમેરિકી વિદેશ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈરાનની તેલની કમાણીનો ઉપયોગ ઉગ્રવાદી ગતિવિધિઓમાં થાય છે. તેથી તેના પર કાર્યવાહી કરવી જરૂરી છે. તેમની સાથે સંકળાયેલા જહાજો અને કંપનીઓ લાખો બેરલ ઈરાની તેલ વહન કરતા હતા. અમેરિકાએ પણ ઈરાન પર શ્રેણીબદ્ધ આરોપો લગાવ્યા છે. અમેરિકાએ કહ્યું કે ઈરાને તે જે પૈસા કમાય છે તેનો ઉપયોગ વૈશ્વિક સુરક્ષાને જોખમમાં નાખવા માટે કરે છે. આ કમાણીથી તેણે પરમાણુ ખતરો ઉભો કર્યો છે. આ સિવાય બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામને પણ આગળ વધારવામાં આવ્યો છે. એટલું જ નહીં ઈરાને આતંકવાદી જૂથોને પણ મજબૂત બનાવ્યા છે. અમેરિકાએ કહ્યું કે અમે તે સંસ્થાઓ પર પ્રતિબંધો લગાવ્યા છે જે ઈરાની તેલનું પરિવહન કરે છે. અમેરિકી સરકારના મતે ઈરાનનું તેલ એશિયન માર્કેટમાં વેચાઈ રહ્યું છે. તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને ઈરાન પર કડકાઈ વધારી છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે ઈરાનની આર્થિક ગતિવિધિઓને રોકવાની જરૂર છે જેથી કરીને તે ફંડ એકઠું કરી ન શકે અને આતંકવાદ પર ખર્ચ ન કરી શકે.

આ પહેલીવાર નથી કે જ્યારે અમેરિકાએ ભારતીય કંપનીઓ પર આ પ્રકારના નિયંત્રણો લાદ્યા હોય. આ પહેલા ઓક્ટોબરમાં અમેરિકાએ ભારત સ્થિત કંપની ગબ્બોરો શિપ સર્વિસ પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો. આટલું જ નહીં ગત વર્ષે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં પણ અમેરિકા દ્વારા ત્રણ અન્ય કંપનીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. અમેરિકાનું કહેવું હતું કે આ કંપનીઓએ રશિયન એલએનજીનું પરિવહન કર્યું છે.

# ૧૯૮૪ રમખાણમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ સજન કુમારને આજીવન કેદ

## શીખ વિરોધી રમખાણોના કેસમાં કોર્ટે દોષિત ઠેરવ્યા

નવીદિલ્હી, તા. ૨૫

રાઉઝ એવન્યુ કોર્ટે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના કેસમાં દોષિત કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમારને આજીવન કેદની સજા સંભળાવી છે. સજ્જન કુમાર પહેલાથી જ દિલ્હી કેન્ટ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ દિલ્હીના સરસ્વતી વિહાર વિસ્તારમાં બે શીખો જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની ઘાતકી હત્યા માટે કોર્ટે આજે તેને સજા સંભળાવી છે. આ ઘટના સંબંધિત ત્રૂઈછ ઉત્તર દિલ્હીના સરસ્વતી વિહાર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. રંગનાથ મિશ્રા કમિશન સમક્ષ ફરિયાદીઓએ આપેલા સોગંદનામાના આધારે એફઆઈઆર નોંધવામાં આવી હતી. કોર્ટે ૧૨ ફેબ્રુઆરીએ તેને દોષિત જાહેર કર્યો હતો. દિલ્હી પોલીસ અને પીડિતોએ આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેટેગરીના માનીતાં સજ્જન કુમાર સામે ફાંસીની સજાની માંગ કરી હતી. જો કે કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી છે.

ચુકાદા પહેલા સજ્જન કુમારે સજામાં હળવાશની અપીલ કરી હતી. તેણે પોતાની દલીલોમાં કહ્યું કે આ કેસમાં મને ફાંસીની સજા આપવાનો કોઈ આધાર નથી.



સજ્જન કુમારે કહ્યું, હું ૮૦ વર્ષનો થઈ ગયો છું. હું વધતી જતી ઉંમર સાથે અનેક રોગો સામે ઝઝૂમી રહ્યો છું. હું ૨૦૧૮ થી જેલમાં છું. ત્યારથી મને કોઈ ફર્લો/પેરોલ મળ્યો નથી. ૧૯૮૪ના રમખાણો પછી કોઈ અપરાધિક કેસમાં સામેલ ન હતો. જેલમાં / ટ્રાયલ દરમિયાન મારું વર્તન હંમેશા સારું હતું / મારી વિરુદ્ધ કોઈ ફરિયાદ મળી નથી. તેથી મારા સુધારાની શક્યતા નકારી શકાય તેમ નથી. સજ્જન કુમારે કહ્યું કે તેઓ ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે. સામાજિક કલ્યાણ માટેના ઘણા પ્રોજેક્ટનો ભાગ રહ્યા છે. હજુ પણ મારી જાતને નિર્દોષ ગણું છું. કોર્ટે માનવતાવાદી પાસાને ધ્યાનમાં રાખીને આ કેસમાં તેના માટે લઘુત્તમ સજા નક્કી કરવી જોઈએ.

દિલ્હી શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિના મહાસચિવ જગદીપ સિંહ કાહલોને કહ્યું કે અમને એ વાતનું દુ:ખ છે કે સજ્જન કુમાર જેવા વ્યક્તિને મૃત્યુદંડની સજા આપવામાં આવી નથી. હું માનું છું કે જો તેને મૃત્યુદંડ આપવામાં આવ્યો હોત તો સારું થાત અને અમને સંતોષ થયો હોત. ૪૧ વર્ષ બાદ તેને આજીવન કેદની સજા મળી હોવા છતાં ન્યાય મળ્યો છે. હું કોર્ટના નિર્ણયનું સન્માન કરું છું. રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદામાં કુમારને ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ દિલ્હીના સરસ્વતી વિહાર વિસ્તારમાં ટોળાનું નેતૃત્વ કરવા અને જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની હત્યા માટે ઉશ્કેરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો છે. કેસની સુનાવણી દરમિયાન, ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે કુમારની આગેવાની હેઠળ સશસ્ત્ર ટોળાએ મોટા પાયે લૂંટફાટ, આગચંપી અને શીખોની સંપત્તિનો નાશ કર્યો હતો.

ઓપરેશન બ્લુસ્ટારના બદલામાં તેમના બે શીખ અંગરક્ષકો દ્વારા તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા બાદ ફાટી નીકળેલી હિંસાના મોટા મોજાનો આ કેસ છે. અમે મૃત્યુદંડથી ઓછું કંઈપણ સ્વીકારીશું નહીં. અમે કોર્ટના નિર્ણયથી ખુશ નથી. અમે સરકારને હાઈકોર્ટનો સંપર્ક કરવા અને સજ્જન કુમારને મૃત્યુદંડની જાહેરાત કરવાની અપીલ કરીશું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પ્રભુ શ્રીરામ નાં જન્મ માટે જવાબદાર એવા વશિષ્ઠ ઋષિ કે જે જન્મથી જ વિશિષ્ટ છે



મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિવરાત્રી જતાં ઉનાળો શરૂ થશે અને દિવસ મોટો થતાં આપણે ત્યાં હોળી પછી હરિ કથાની સપ્તાહનું આયોજન કરવામાં આવે છે. તો આ શાસ્ત્રોની રચના કરનાર ઋષિઓ વિષે હવે ચરિત્રની ઓળખમાં જોઈશું. સતયુગ ત્રેતા, દ્વાપર અને કળિયુગ એમ દરેક યુગમાં જે તે સમયનાં માનવીની માનસિકતા જુદી જુદી આપણને જોવા મળે, પરંતુ કાળ પ્રમાણે તે હોય. એટલે કે સતયુગમાં સત્ય નિષ્ઠ અને નીતિ પ્રમાણિકતા વાળા માનવીઓની સંખ્યા વધુ હોવી ઘટે. ત્રેતાયુગમાં તપસ્વી ઓની સંખ્યા વધુ હોય, કારણ કે સત્વ ગુણ ની પ્રધાનતા વિશે ત્યારનાં માનવી જાગૃત હશે, દ્વાપરમાં મિશ્ર પ્રતિભા સંપન્ન લોકો રહ્યા હોઈ શકે, એટલે કે સત્વ રજો બંને ગુણની યુતિ વાળા માનવી. જ્યારે કળિયુગમાં સત્વગુણ ગણ્યાગાંઠ્યામાં જોવાં મળે! આનાં પરથી એમ કહી શકાય કે યુગનું નામકરણ તે સમયના માનવીય ગુણો પર આધારિત હતું! આજે સમાજમાં સત્વ કે સત્ય ને નામે દેખાડો વધુ થાય છે! પરંતુ સત્વ ગુણ કેળવવો અશક્ય કે અઘરું નથી. આપણા વૈદિક શાસ્ત્રો અનુસાર જીવન જીવાય તો જીવનને પૂર્ણતા સુધી લઈ જઈ શકાય, અને છેક સુધી સ્થિર માનસ ધરાવીને જીવી શકાય, માટે સદગુરુ આવું ચિંતન કરાવી રહ્યા છે. આપણા વૈદિક શાસ્ત્રોની રચના ઘણાં બધાં મહાન ઋષિઓ એ કરી છે, ઋષિ પરંપરા એ ભારતીય સંસ્કૃતિનું આભૂષણ છે. ઋષિ અને સન્યાસીમાં બહુ અંતર છે, ઋષિ સામાન્ય માનવીની જેમ જ સંસારી હોવા છતાં લોકકલ્યાણ માટે ઉપવનમાં રહી તપ કરીને બ્રહ્મ વિદ્યા તેમજ બીજી જીવન જીવવા જરૂરી વિદ્યા પ્રાપ્ત કરતાં હતાં, અને પછી આ વિદ્યા સમાજના જુદા જુદા વર્ગ અને કુળ અનુસાર તેમના બાળકને આ વિદ્યાની શિક્ષા આપી તેમને ગુણવાન તેમજ વિદ્યાવાન બનાવતા. ત્રેતાયુગમાં તો કેટલા બધા ઋષિ થઈ ગયા આજે આપણે ભગવાન શ્રી રામના જન્મના મુખ્ય સૂત્રધાર એવા ગુરુ વશિષ્ટ પર ચિંતનમાં વાત કરીશું.

આમ તો તેના નામ એટલે કે વશિષ્ઠ જ તેનામાં વિશિષ્ટ ગુણ હોવાની આપણને પ્રતીતિ થાય છે, જે આપણે આગળ જોઈશું. સર્વપ્રથમ તો રાજા દશરથનાં કુલગુરુ,અને ભગવાન શ્રી રામના ગુરુ તરીકે આપણે સૌ વશિષ્ઠ ઋષિને ઓળખીયે છીએ. વશિષ્ઠ બ્રહ્માના દસ માનસ પુત્ર માના એક છે, અને ભગવાન મનુ પણ આ વાત સાથે સંમત છે. પરંતુ સવાયંભુવ મન્વંતરમાં તેમના જન્મનો ઉલ્લેખ જોવા મળે છે. વશિષ્ઠ ઋષિ વરુણદેવ તથા મિત્રા ના સંતાન તરીકે વર્ણવાયા છે. પરંતુ એકવાર દેવોના એક સમારંભમાં વરુણદેવ અને મિત્રા પહોંચ્યાં, ત્યાં આગળ ઉર્વશી નામની અપ્સરાને જોઈ ને વરુણ દેવ મોહગ્રસ્ત થયાં, અને તેમનું તેજ સ્ખલિત થયું, અને આ તેજ અડધું કુંભમાં પડયું, અને અડધું વસુ એટલે કે પાણીમાંથી પડ્યું. આ પાણીમાંથી એમનો ઉદ્ભવ થયો હોવાથી એનું નામ વશિષ્ઠ અને કુંભમાંથી જેનો ઉદ્ભવ થયો તેનું નામ અગસ્ત્ય એટલે કે કુંભજ ઋષિ. વશિષ્ઠ ઉદ્ભવ પામી તરત જ ઉપવનમાં તપ માટે જતાં રહ્યાં હતાં.

વેદ વેદાંતમાં પારંગત, તત્વજ્ઞન તપસ્વી પ્રખર ધનુર વિદ્યાના જાણકાર, ઉત્સાહી, કર્મકાંડી, અને ઉત્તમ વક્તા, અને ઉત્તમ લેખક, એવાં ઋષિ વશિષ્ઠ નો આશ્રમ હિમાલયના એક શિખર પર હતો, અને તેથી એ શિખર હજી પણ વશિષ્ઠ શિખર તરીકે ઓળખાય છે. વશિષ્ઠ ઋષિના લગ્ન કદર્મ ઋષિની પુત્રી અરુંધતી સાથે થયા હતા, અને વશિષ્ઠ ઋષિને ઉર્જા નામની બીજી પત્ની પણ હતી. વશિષ્ઠ ઋષિ એ પોતાની પત્ની અરુંધતી ને કેળવણી આપી જ્ઞાની બનાવી હતી,અને ત્યારબાદ અરુંધતી એ વેદ પર ભાષ્ય લખ્યું હતું. અરુંધતી શક્તિ જેવા સો પુત્રોની માતાનો ઉલ્લેખ બતાવાયો છે. પણ વશિષ્ઠ ઋષિના દસ પુત્રો બતાવ્યા છે.

આ ઉપરાંત કામધેનું ગાયની પુત્રી નંદિની પણ વશિષ્ઠ ઋષિના આશ્રમનું એક નજરાણું હતી, જે અતીથિનો એની ઈચ્છા અનુસાર સત્કાર કરવા માટે જાણીતી હતી. વિશ્વામિત્ર પણ નંદિનીને જોઈને તેને મેળવવા માટે લાલાયિત થયા હતાં, પરંતુ બ્રહ્મદેવ જેવા ઋષિનું બ્રહ્મજ્ઞાન જોઈ અને તેમણે પોતાનું ક્ષાત્રત્વ ત્યજી દીધું હતું, અને ત્યારબાદ તેમણે પણ ઋષિની જેમ તપસ્યા શરૂ કરી હતી, અને ઈતિહાસ જણાવે છે તેમ ઋષિ વિશ્વામિત્ર પણ પ્રખર પ્રજ્ઞાવાન અને ગાયત્રી મંત્રના પ્રણેતા બન્યા. નંદીની નામની ગાય વશિષ્ઠ ઋષિને દીલિપ નામના રાજા એ આપી હતી.

વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે, અને તેના ૨૧ અધ્યાય બતાવાયા છે. આ ઉપરાંત વસિષ્ઠ નામનો ઋગ્વેદમાં પણ એક અધ્યાય છે. આમ એમણે જીવન પર્યંત વિશિષ્ઠ કાર્ય કરી પોતાના નામને સિધ્ધ કર્યું.

ભગવાન શ્રી રામના જન્મ માટેના તે મુખ્ય સૂત્રધાર હતાં, કારણકે પાછલી અવસ્થા સુધી જ્યારે ત્રણ ત્રણ રાણી હોવા છતાં પુત્ર પ્રાપ્તિ ન થઈ, ત્યારે રાજા દશરથ અત્યંત પીડા અનુભવી હતાં, અને તેમણે પોતાના ગુરુ એવા વશિષ્ઠ ઋષિ ને પોતાને મનની વાત કહી. ગુરુ વશિષ્ટ બ્રહ્મ વેત્તા હતાં, અને તેમણે શાસ્ત્ર અનુસાર પુત્રકામેષ્ટિ યજ્ઞ દ્વારા પુત્ર પ્રાપ્તિ થઇ શકે છે, એવું વિધાન રાજાને કહ્યું, અને એ માટે પુત્ર કામેષ્ઠિ યજ્ઞ કરનાર શૃંગી ઋષિનું સૂચન પણ કર્યું. રાજા દશરથ એ આ વાત તરત સ્વીકારી લીધી, અને પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. યજ્ઞનાં અંતે અગ્નિ દેવ પ્રસન્ન થયાં અને પ્રસાદનો ચરુ પ્રાપ્ત થયો, આ પ્રસાદના વિભાજનથી પ્રભુ શ્રી રામનો જન્મ છે, એ વાત આપણે સૌ જાણીએ છીએ. ગુરૂ વશિષ્ઠ દશરથનાં કુલગુરુ હતાં, આ ઉપરાંત એક સાચા અને સારા સલાહકાર પણ હતાં. તેઓ રામાયણ અનુસાર અયોધ્યામાં તેમજ ઉપવનમાં રહેતા હતાં, અને સમયે-સમયે રાજ્ય તેમજ રાજાની સુખાકારી માટે સૂચનો કરતા હતાં. રાજા પ્રજા બન્ને અંદરોઅંદર એકબીજાના સાથ-સહકારથી સુખી રહે છે, એ વાત પણ તેમણે રાજાને સમજાવી હતી. આમ વશિષ્ઠ ઋષિ ત્રેતા યુગ પહેલા પણ હતાં, અને ત્રેતા યુગમાં પ્રભુ શ્રીરામ ના જન્મ તેમજ તેમને બ્રહ્મ વિદ્યા અને ધનુર્વિદ્યા શીખવવા માટેના શ્રેષ્ઠ ગુરુ પણ હતાં.

વિધાતાના ખેલને ત્યારે પણ કોઈ સમજી શક્યું નહીં, અને આજે પણ સમજી શકાતાં નથી. જેના ઘર ધન-ધાન્યથી ભરેલા છે, એમને સંતાન નથી હોતાં,જ્યારે ઝૂંપડામાં વસનારાઓ ના ઘરે સંતાનોની લાઈન હશે. એટલે કે મહેલમાં રહેતાં દશરથને સંતાન ન હોવાની ગ્લાનિ હતી, અને આવી ગ્લાનિ યોગ્ય ઠેકાણે રજુ થઇ તો પ્રભુ શ્રીરામ જેવા પુત્ર પ્રાપ્ત થાય. તો શ્રવણના અંધ મા બાપનો શ્રાપ પણ માત્ર દશરથના મૃત્યુ માટે નહોતો, ભગવાન શ્રી રામના જન્મ માટે પણ કારણભૂત બન્યો. એટલે કે તેમને પુત્ર થાય તો તેના વિયોગમાં તેનું મૃત્યુ બતાવ્યું, એટલે ક્યારેય કોઈનો શ્રાપ પણ આ રીતે શુભ મંગલ કરનારો હોય છે. વિધિ-વિધાન કે વિધાતાના લેખ ભારતીય સંસ્કૃતિની અદકેરી વાત છે, બીજી કોઈ સંસ્કૃતિ કે ધર્મમાં વિધાતાને એટલી સ્ટ્રોંગ રીતે માનવામાં આવતી નથી. આપણા લેખમાં વિધાતાએ શું લખ્યું હશે! તેની ખબર નથી. પરંતુ હિન્દુસ્તાની ધરતી પર જન્મ આપ્યો છે, એટલે કંઈક તો સારું લખ્યું જ હશે, અને કદાચ આપણે જ આ સંસ્કૃતિનું જતન કરી શકીએ, એવું પણ લેખમાં લખ્યું હોય શકે! તો આપણે સૌ એવી સંસ્કૃતિનાં વશંજ છીએ, કે જ્યાં પાણી માંથી પણ પુત્ર પ્રાપ્ત થાય,અને અગ્નિ પણ પ્રસન્ન થઈ પુત્ર માટે વરદાન (પ્રસાદ) આપી શકે છે. હવે તો આ સંસ્કૃતિની મહત્તાને સમજો!! આપણે સૌ વશિષ્ઠ ઋષિ જેમ યુગો યુગો સુધી આ સંસ્કૃતિ માટે કંઈક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

શરૂઆતમાં ધંધાનો હિસાબ ચોખ્ખો રાખી જે તે વેપારીઓનો વિશ્વાસ જીતતો, પછી ધૂંબો મારતો

# પિતા-પુત્ર સાથે હીરાના વેપારના નામે છ કરોડની છેતરપીંડી

## કહેવાતા વેપારીએ બીજા વેપારીઓ સાથે કાવત્રુ ઘડી ફ્રોડ આચર્યુઃ એકને પોલીસે પકડી લીધો

રાજકોટઃ છેતરપીંડીની સતત વધી રહેલી ઘટનાઓ વચ્ચે બાપ-બેટા સાથે હીરાના વેપારના બહાને છ કરોડની ઠગાઇ થઇ છે. આ બનાવમાં એક સુત્રધારને પોલીસે સાણસામાં લઇ લીધો છે. એક વેપારીએ બીજા વેપારીઓનો સાથ લઇ કાવત્રુ ઘડી હીરાના મોટા વેપારી પિતા-પુત્ર સાથે આ ફ્રોડ આચર્યુ હતું. વાત પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ થઇ હતી અને એક આરોપી પકડાઇ ગયો હતો.

ઠગાઈની આ ઘટના પર નજર કરીએ તો સુરત શહેરમાં હીરા વેપાર સાથે જોડાયેલા ઉદ્યોગકારને કરોડો રૂપિયાની છેતરપિંડીમાં ફસાવનાર એક મુખ્ય આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકોસેલ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી વિપુલ વિઠ્ઠલભાઈ પટેલ અને તેની સાથે સંકળાયેલા અન્ય વેપારીઓએ ફરિયાદી પિતા-પુત્ર પાસેથી હીરાના વેપારના બહાને કુલ ૬.૦૮ કરોડની છેતરપિંડી આચરી હતી. માત્ર વિપુલ વિઠ્ઠલભાઈ પટેલે ૧૯,૩૩,૮૬૩ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. ફરિયાદી ધનેશ મોહનલાલ સંઘવી અને તેમના પિતા મોહનલાલ ભેરૂમલ સંઘવી સુરતમાં વિવિધ પેઢીઓના નામે સીવીડી અને રિયલ હીરાનો વેપાર કરતા હતા. તેમના ધંધા સાથે જોડાયેલી પેઢીઓમાં "ડીયામ જ્વેલર્સ" ધનેશ મોહનલાલ સંઘવી, દેવાંશી જેમ્સ, મોહનલાલ ભેરૂમલ સંઘવી અને શિતલ છાયા ડાયમંડ સામેલ છે. આરોપી વિપુલ પટેલ અને અન્ય વેપારીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને શરૂમાં વેપાર શિરસ્તા મુજબ પેમેન્ટ ચૂકવી વિશ્વાસ જીત્યો હતો. ત્યાર બાદ વધુ માલ ઉછીનો લઈ કુલ ૧૯,૩૩,૮૬૩ રૂપિયા રોકી દીધા અને પેમેન્ટ આપ્યા વગર ગાયબ થઈ ગયા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, માત્ર એક વ્યક્તિની છેતરપિંડી નહોતી, પરંતુ વિપુલ પટેલ અને તેના સાગરિતોએ ગઠબંધન કરી કુલ ૬.૦૮ કરોડની છેતરપિંડી આચરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરોપી વિપુલ




### બીજા બનાવમાં કાપડના વેપારીનો વિશ્વાસ જીતી ગઠીયો ૨૭ લાખનો ચૂનો ચોપડી ગયો

પટેલે જબરદસ્ત શોખીન જીવનશૈલી જીવી રહ્યો હતો. વ્યાવસાયિક રીતે શરૂઆતમાં ચોખ્ખો વ્યવહાર કરી જે તે વેપારીને ટાર્ગેટ કરનાર લોકોને વિશ્વાસમાં લેતો અને ધીમે ધીમે ફસાવતો હતો. તેની આ ગેંગ લાંબા સમયથી આ પ્રકારની છેતરપિંડીમાં સંકળાયેલી હોવાનું અનુમાન છે. વિપુલ પટેલ નાસતો ફરતો હતો. જેને સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકોસેલે ચોક્સ બાતમીના આધારે જહાંગીપુરાથી ઝડપી પાડ્યો હતો.આ બનાવ વિશે એસીપી જી. એ. સરવૈયાએ જણાવ્યું હતું કે અન્ય વેપારીઓ સાથે કરાયેલી છેતરપિંડીની તપાસ કરાશે. કૌભાંડમાં વધુ નામો ખુલવાની સંભાવના છે. બેનામી ટ્રાન્જેક્શન અને મની ટ્રેઈલને ટ્રેક કરવાનો પ્રયાસ તેમજ અન્ય આરોપીઓની ધરપકડ માટે વિશેષ ટીમ તૈયાર કરાઈ છે. વિપુલ વિઠ્ઠલભાઈ હરજીભાઈ કાકડીયા, ઘનશ્યામ એવન્યુ બલકશગામ, ઓલપાડ રોડ પર રહે છે. મૂળ પાટણા ગામ વલ્લભીપુરા, ભાવનગરનો રહેવાસી છે. આરોપીની વધુ પૂછપરછમાં અન્ય કડીઓ સામે આવી શકે છે. ગુનાની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી. બારિયા દ્વારા આગળ વધારવામાં આવી રહી છે. આમ વેપારના ઓઠા તળે વધુ એક વખત કરોડોની છેતરપીંડી આચરવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. ઠગાઈના બીજા બનાવમાં સુરતના કાપડ માર્કેટમાં ફરી એક વખત છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે, જેમાં વેપારી મયુર શેઠ વાલાએ વેપારી સાથે પહેલા ચતુરાઈપૂર્વક વિશ્વાસ જીત્યો અને પછી મોટો ઓર્ડર મેળવી ૨૭ લાખનું પેમેન્ટ ચુકવ્યા વિના ગાયબ થઈ ગયો. આરોપી મયુર શેઠ વાલાએ વ્યવસાયિક છેતરપિંડી માટે એક ચોક્કસ પદ્ધતિ અપનાવી હતી. મયુરે અનુજ કનોડીયા અને અન્ય વેપારી પાસેથી ઓછી રકમમાં કાપડ ખરીદ્યું અને સમયસર પેમેન્ટ કરવાનું શરૂ કર્યું. વેપારી અનુજને વિશ્વાસ ઉભો કરવા માટે સમયસર પેમેન્ટ કરવાની ટેવ રાખી. આ પછી મોટો ઓર્ડર આપીને તેમની સાથે સંબંધ વધાર્યા. એકવાર મોટો ઓર્ડર હાથમાં આવ્યા બાદ પેમેન્ટ માટે નવા-નવા બહાના બનાવવા લાગ્યો.તેમજ મોટા ક્લાયંટ પાસેથી પેમેન્ટ આવવાનું બાકી છે. થોડા દિવસમાં બધી રકમ ચૂકવી દઈશ બહાનું બનાવતો. જ્યારે વેપારીઓને તેની નિયમિત ભ્રમિત વાતોથી શંકા ઉભી થઈ ત્યારે તે વેપારીઓ સાથેનો સંપર્ક તોડી નાસી ગયો. વ્યાપારીએ સંયુક્ત પ્રયાસો કરીને પોલીસ ફરિયાદ નોંધાવી, જેના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી. આ ગુનાની જવાબદારી ઈકો સેલને સોંપવામાં આવી અને આરોપીની અટકાયત કરવામાં આવી હતી.

# રાજ્યમાં વહીવટી સુધારણા પંચ ને મળી મંજૂરી

## વહીવટી સુધારણાના વિવિધ પાસાંઓ અંગે પંચ બે વર્ષ સુધીમાં અભ્યાસ પૂર્ણ કરી સમયાંતરે પોતાની ભલામણો સરકારમાં રજૂ કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય દ્વારા હાલ જે બજેટ રજૂ કરવામાં આવ્યું તેમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી હતી કે વહીવટી મુદ્દાઓને ઝડપી સુધારવામાં આવશે અને ઉદ્ભવતા પ્રશ્નોનો સમયાંતરે નિવેડો આવે તે માટે વહીવટી સુધારણા પંચની નિમણૂક કરાશે જે વાતને રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સાર્થક કરી છે અને પંચના નિર્માણ માટેની મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આ વર્ષે ૨૦૨૫-૨૬ના બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી કે રાજ્યમાં વહીવટી સુધારણા પંચની રચના કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બજેટ જાહેરાતનો બજેટ રજૂ થયાના ગણતરીના દિવસોમાં જ અમલ કરવાનું ઉદાહરણ ગુજરાત વહીવટી સુધારણા પંચ કાર્યરત કરવાની મંજૂરીથી ઉજાગર કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે.

આ સંજોગોમાં ગુજરાત સરકારના કેટલાક વિભાગોની કામગીરી ખૂબ જ પ્રમાણમાં વધી રહી છે તે જોતા રાજ્યના વહીવટી માળખામાં તેમજ કાર્યપદ્ધતિઓમાં અને પ્રક્રિયામાં જરૂરી ફેરફાર કરવા માટે વિચારણા કરવાના એડમીનીસ્ટ્રેટીવ રિફોર્મ્સના અભિગમથી આ પંચ કાર્યરત કરવામાં આવ્યુ છે.

ગુજરાતે આ લક્ષ્યને હાંસલ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં લીવિંગ વેલ અને અર્નિંગ વેલના આધારે વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડ મેપ ઘડ્યો છે.આ રોડમેપના આધારે વિકસિત ગુજરાતનો ધ્યેય પ્રાપ્ત કરવા ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યક્ષમતા, અસરકારકતા અને પ્રતિભાવશીલતા વધારવામાં ગુજરાત વહિવટી સુધારણા પંચ પાયાની ભૂમિકા નિભાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં જરૂરી ફેરફારો કરવા માટે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરી છે. જેમાં અન્ય સભ્ય તરીકે મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ, અથવા અગ્ર સચિવ અથવા કર્મચારીગણ વિભાગના સચિવ, અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ નાણાં વિભાગ તથા સભ્ય સચિવ તરીકે અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ (વહીવટી સુધારણા, તાલિમ પ્રભાગ અને એન.આર.આઈ.)ની નિયુક્તી કરવામાં આવી છે.

આ ગુજરાત વહીવટી સુધારણા પંચનું મુખ્ય કાર્યાલય સેન્ટર ફોર ગુડગવર્નન્સ સ્પીપા રહેશે. એટલું જ નહીં, આ વહીવટી સુધારણા પંચ બે વર્ષ સુધીમાં અભ્યાસ પૂર્ણ કરી પોતાની ભલામણો સમયાંતરે રાજ્ય સરકારને રજૂ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગુજરાત વહીવટી સુધારણા પંચની વિધિવત રચનાને મંજૂરી આપવા માટે તેના ટર્મ્સ ઓફ રેફરન્સ પણ નિયત કર્યા છે.


**CMના મુખ્ય અગ્ર સલાહકાર ડો. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં મુખ્ય સચિવ સહિત પાંચ વરિષ્ઠ સચિવોની પંચના સભ્ય તરીકે નિયુક્તિ**

ગઠીયાગીરીની અનેક ઘટનાઓમાં છેતરી જનારા પોતાના જ હોય છેઃ વધુ એક ચર્ચાસ્પદ ઘટના

# 'મામા'ને ભાણેજે બનાવ્યા 'મામા': પોણા ત્રણ કરોડ પડાવ્યા

## કેનેડાના વર્ક પરમીટ વીઝા અપાવવાના બહાને યુવાને માતાની મદદમ લઇ મામાને ખંખેરી લીધાઃ મકાન પણ પડાવી લીધું!

રાજકોટઃ વિદેશ જવાની ઘેલછામાં અનેક લોકો અત્યાર સુધીમાં કરોડો ગુમાવી ચુક્યા છે. આવી ઘટનાઓ રોજબરોજ પોલીસ ચોપડે ચડતી રહે છે. હાલમાં તો અમેરિકામાં ગેરકાયદેસર રીતે એજન્ટો મારફત ઘુસી ગયેલા અનેક ભારતીયો, ગુજરાતીઓને હાંકી કઢાયા છે. આમ છતાં અમુક લોકોમાં ખાસ કરીને ગુજરાતીઓમાં વિદેશમાં સ્થાયી થવાનો, નોકરી મેળવવાનો મોહ ઓછો થયો નથી. આ દરમિયાન એક ચોંકાવનારી ઘટનામાં કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે યુવાને પોતાની માતાનો સાથ લઇ સગા મામાને મામા બનાવી દઇ તેણા પોણા ત્રણ કરોડ પડાવી લીધા છે. એટલુ જ નહિ મામાનું મકાન પણ આ ભાણેજ ખાઇ ગયો છે.



આ ઘટના પર નજર કરીએ તો કરજણ તાલુકાના કંડારી ગામમાં રહેતા મામાને કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવાની લાલચ આપી ભેજાબાજ ભાણેજે માતા સહિત બે વ્યક્તિની મદદ લઇ રૂપિયા ૨.૭૦ કરોડનો ચૂનો લગાવ્યો હોવાની ફરિયાદ કરજણ પોલીસ મથકમાં નોંધાઇ છે. આ ફરિયાદમાં મામાએ ભાણેજ પાસેથી નાણાં વસૂલ કરવા માટે મકાન લખાવી લીધું હતું. પરંતુ, ભાણેજે મકાન અને નાણાં પણ પરત ન આપતાં આખરે મામાએ ભેજાબાજ ભાણેજ તેમજ મદદ કરનાર બહેન સહિત ત્રણ સામે કરજણ પોલીસ મથકમાં છેતરપિંડી-વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. કરજણ પોલીસ મથકમાં દર્શન વિનોદભાઇ પટેલ (રહે. કંડારી, સ્વામીનારાયણ ખડકી, કરજણ,વડોદરા)એ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમણે આઇટીઆઇમાં ઈલેક્ટ્રીશીયનનો અભ્યાસ કરેલો છે.

આ ઉપરાંત તેમના માતા અમેરિકામાં રહે છે. વર્ષ ૨૦૦૯માં તેઓ અભ્યાસના વિઝા મેળવીને લંડન ગયા હતા અને વર્ષ ૨૦૧૪માં પરત ફર્યા હતા. કોરોના કાળ બાદ તેમનો ભાણેજ અભ્યાસના વિઝા લઇને કેનેડા ગયો હતો. ત્યાર બાદ તેઓ કેનેડાના વિઝા અંગેની માહિતી એકત્ર કરતા હતા. દરમિયાન દર્શનને બહેન દિવ્યાંગીએ જણાવ્યું કે, કેનેડા જવા માટે વિઝીટર ટુ વર્ક પરમીટ વિઝા થાય છે, આ કામ મારો દીકરો ધ્રુવકુમાર પટેલ કરે છે. તારે જવું હોય તો હું નંબર આપું. બાદમાં નંબર મળતા વિઝા અંગે વાત થઇ હતી. ધ્રુવે મામા દર્શનને વિઝા થઇ જશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. તેની માટે તે કહે તેમ કરવા સૂચન કર્યું હતું. તે બાદ -થમ રૂપિયા ૧૫ હજાર માગવામાં આવ્યા હતા. ત્યાર બાદ અલગ અલગ સમયે ઓનલાઇન ટ્રાન્જેક્શન કરાવડાવ્યા હતા. અમદાવાદથી ટોરેન્ટોની ટિકિટ માટે મોટી રકમ મોકલી હતી અને તેની ટિકિટ કોપી વ્હોટ્સએપથી મોકલી હતી. જેને એમ્બેસીમાં બતાવવાની હોવાનું જણાવ્યું હતું. જો કે ત્યાર બાદ વિઝીટર વિઝામાં પ્રોબ્લેમ હોવાનું જણાવ્યું હતું અને નવેસરથી વર્ક પરમીટના વિઝા કરાવવા જણાવ્યું હતું. અગાઉની ટિકિટના પૈસાનું રિફન્ડ પોતાના એકાઉન્ટમાં મેળવીને પરત કરવાની બાંહેધારી પણ આપવામાં આવી હતી.

આ દરમિયાન વર્ક પરમીટની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ત્રણ મહિના બાદ દર્શનને જણાવ્યું કે, વર્ક પરમીટના વિઝામાં તકલીફ થાય તેવું છે, જેથી મામીનું નામ ઉમેરવું પડશે. બાદમાં જરૂરી ડોક્યુમેન્ટ્સ પીડીએફ ફોરમેટમાં મગાવવામાં આવ્યા હતા અને પૈસાની ચૂકવણી કરવામાં આવી હતી. બાદમાં ધ્રુવ લગ્નપ્રસંગમાં ભાગ લેવા માટે સ્વદેશ આવતા બંનેની મુલાકાત થઇ હતી. તે સમયે પણ તેણે વર્ક પરમીટના વિઝાનું કામ થઇ ગયું હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ વર્ક પરમીટના વિઝામાં પ્રોબ્લેમ થયો હોવાનું જણાવીને બિઝનેસ વિઝાની પ્રોસેસ કરવા જણાવ્યું હતું. જે બાબતે દર્શને અલગ અલગ એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યા હતા. જેની સામે દિલ્હીથી અબુધાબી અને અબુધાબીથી ટોરેન્ટોની ટિકિટ વ્હોટ્સએપ થકી મોકલી હતી, પરંતુ તે અંગે દર્શનને શંકા જતા તેણે એર લાઇન્સના કસ્ટમર કેરમાં ફોન કરીને માહિતી મેળવી હતી.

જેમાં જાણવા મળ્યું કે, આ ટિકિટ ઇશ્યુ કરી નથી. બાદમાં દર્શને જાણ કરતા ધ્રુવે કહ્યું કે, આ ટિકિટની તમે ચિંતા ન કરો મેં એમ્બેસીમાં મુકવા માટે ખોટી બનાવડાવી છે. અંતમાં દર્શને ફાઇલ બંધ કરવા અને અત્યાર સુધી ચૂકવેલા નાણાં પરત કરવા જણાવ્યું હતું. ત્યારબાદ ધ્રુવે નાણાં પાછા મળી જશે તેમ જણાવ્યું હતું. દરમિયાન તેના પિતાનું અવસાન થતા તે સ્વદેશ આવ્યો હતો. આ સમયે દર્શન તથા અન્ય પરિજનો તેને મળ્યા હતા અને બાદમાં પૈસા પરત કરવા માટેનું લખાણ લખવામાં આવ્યું હતું. જેમાં મકાનની પાવતી ટોકન તરીકે લખી આપી હતી. જો કે, ત્યાર બાદ ખોટા કાર્યમાં સામેલ પરિવારના એકપણ સભ્ય જોડે વાત થઇ શકી ન હતી. આખરે રૂપિયા ૨.૭૦ કરોડની ઠગાઇનો મામલો પોલીસ મથક પહોંચ્યો છે. આ છેતરપિંડી અંગે દર્શન પટેલે ભાણેજ ધ્રુવકુમાર ગૌરાંગભાઇ પટેલ, બહેન દિવ્યાંગીની ગૌરાંગભાઇ પટેલ અને મનાલીબેન દિપકકુમાર પટેલ (તમામ રહે. રેલવે ફાટક પાસે, માંજલપુર, વડોદરા) સામે કરજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. પોલીસે ફ્રોડનો ગુનો દાખલ કરી વિશેષ તપાસ શરૂ કરી છે.

# વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમ સફળઃ દોઢ મહિનામાં ૧૫૦ થી વધુ રજૂઆત

## મ્યુ .કમિશનર તુષાર સુમેરા દ્વારા શરૂ કરવામાં આવેલી આ નવી સિસ્ટમથી માળખાગત સુવિધાઓના પ્રશ્નો ન આવશે અંત : આવતી ફરિયાદોનું પણ રીવ્યુ શરૂ

રાજકોટ, તા. ૨૫

છેવાડાના માનવીને અને શહેરના વસતા દરેક નાગરિકોને માળખાગત સુવિધાઓ યોગ્ય રીતે મળે તે દિશામાં હાલ સરકાર અને સ્થાનિક પ્રશાસન કામ કરી રહ્યું છે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા ના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમની અમલવારી શરૂ કરાવી દીધી છે જેના ભાગરૂપે છેલ્લા દોઢ મહિનામાં ૧૫૦ થી વધુ રજૂઆતો આવી હતી અને તેનું અવલોકન અને મૂલ્યાંકન પણ ખોદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવામાં આવી રહ્યું હોવાનું પણ સુત્રો જણાવી રહ્યા છે. મહત્વનું એ છે કે આલ જે સિસ્ટમ ને આમલી બનાવી છે તેમાં જે પાયા અને માળખાગત સુવિધાઓના પ્રશ્ન છે જેમકે પાણી અને સાફ-સફાઈ તે ફરિયાદોનો હવે સો ટકા નિકાલ આવશે અને આ પ્રશ્નો કદાચ હવે ભૂતકાળ પણ બની જશે તેમાં કોઈ શંકા નથી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા માટે અને કમિશ્નરને રૂબરૂ મળીને પોતાની રજૂઆત કરી શકે તે માટે વિઝિટર મેનેજમેન્ટ સીસ્ટમને ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ થી શરૂ કરવામાં આવી છે.આ સિસ્ટમ મુજબ અઠવાડિયામાં સોમવાર અને ગુરુવારના રોજ બપોરના ૩ થી ૫ ના સમય દરમિયાન કોઈ પણ નાગરિક મ્યુનિસિપલ કમિશનરને પોતાની રજૂઆત કે ફરિયાદ કરી શકે છે.આ માટે અરજદારના મોબાઈલ નંબર આધારિત ઘ્ઝઙ અને કોઈપણ માન્ય આઈડી પ્રૂફની મદદથી રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. તેમાં આધુનિક ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી વિકસાવેલ પ્લેટફોર્મ પર અરજદારો દ્વારા જે ફરિયાદ નોંધાવવામાં આવે છે તેની પણ નોંધણી થાય છે . છેલ્લા દોઢ મહિનામાં વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમ માં ૧૫૦ જેટલી રજૂઆતો આવી છે.જેમાં સફાઈ, શુભેચ્છા મુલાકાત, વિવિધ પરવાનગી બાબત, ટેકસ બાબત, ટેકનિકલ બાબતો સંબંધિત, આવાસ સંબંધિત વગેરે જેવી રજૂઆતો આવી છે.સૌથી મોટો પ્રશ્ન અહીં નાગરિકો માટે એ ઉભો થઈ રહ્યો છે કે કોર્પોરેશનની ફરિયાદ નિવારણ માટેની તેમજ કમિશનરને ડાયરેક્ટ રજૂઆત કરવાની આ એપ્લિકેશનને લઈ નાગરિકો એક્ટિવ થયા છે.



### પ્રશ્નોમાંથી લોકોને મુક્તિ મળે એ જ મનપાની નેમ : તુષાર સુમેરા

વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમને લઈ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાય જણાવ્યું હતું કે લોકોને જે વિવિધ પ્રશ્નો સતાવી રહ્યા છે અને જે ફરિયાદો છે તેમાંથી તેઓને મુક્તિ મળે એ જ મનપાની નેમ છે. એટલું જ નહીં સમય મર્યાદામાં તેમની ફરિયાદોનું નિવારણ આવે અને કામગીરી કયા સ્થળ પર પહોંચી છે તેનું અવલોકન થાય તે આસિસ્ટન્ટ થી હવે શક્ય બનશે. અને તેનો લાભ રાજકોટના લોકોને પણ મળશે. બજેટમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે લોકોને કોર્પોરેશનના ધક્કા ન ખાવા પડે તે માટે આ ઓનલાઈન સેવા શરૂ કરવામાં આવી છે અને તેનાથી તેઓને ઘણો એવો ફાયદો પણ મળ્યો છે. બીજી તરફ ક્યા અધિકારી અને કયા વિભાગ દ્વારા ફરિયાદ નું સોલ્યુશન લાવવામાં આવે છે તેનો પણ અભ્યાસ કરવામાં આવશે અને કામગીરી કયા સ્થળ પર પહોંચી છે તેનું પણ અવલોકન કરાશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આગામી સમયમાં પ્રાથમિક સુવિધાઓ પર વધારે પ્રાધાન્ય રહેશે જેમાં પાણીની સુવિધાઓ વધે, સફાઈની સુવિધા વધે અને આ તમામની ફરિયાદો ઘટે ફરિયાદોના નિવારણ બાદ તેનું પણ રીવ્યુ થાય.કમિશનર તરીકે ઘણી ફરિયાદોનું હું પર્સનલ રીવ્યુ કરું છું.નાગરિકોને સારી સુવિધા આપવાના અમારા કમિટમેન્ટને પાર પાડવાનો અમારો હર હંમેશ પ્રયત્ન રહે છે.

# વિધાનસભા સત્ર પૂર્ણ થતા જ જંત્રીદર અંગે લેવાશે નિર્ણય

## ૨૦% થી પણ વધારો જો સરકાર કરશે તો પણ તિજોરી છલકાશે   રાજ્યભરમાંથી આવેલા વાંધા સૂચનો અંગે લેવાશે હવે નિર્ણય

રાજકોટ, તા. ૨૫

છેલ્લા ઘણા સમયથી રાજકોટ નહીં પરંતુ રાજ્યભરમાં જંત્રી દરને લઈને ભારે વિરોધ ઉઠ્યો હતો જે બાદ સ્થાનિક પ્રશાસન મારફતે રાજ્ય સરકારે વાંધા સુચનો મંગાવ્યા હતા અને તે તમામ વાંદા સૂચનો હાલ રાજ્ય સરકાર સુધી પહોંચી ગયા છે ત્યારે આગામી પહેલી એપ્રિલથી નવો જંત્રીદાર લાગુ થવાનો હોવાથી હવે આ અંગે યોગ્ય નિર્ણય કરવામાં આવશે તે સ્પષ્ટપણે જાણવા મળી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા જે જંત્રીદાર સૂચવવામાં આવ્યો હતો જો તેને યથાવત રાખવામાં આવશે તો સરકારની તિજોરી સ્ટેમ્પ ડ્યુટી થી છલકાઈ જશે પરંતુ આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને અને ભવિષ્યની ચિંતા ને જોતા રિયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રોએ આ અંગે યોગ્ય વિચારવા રાજ્ય સરકારને ભલામણ કરી છે અને જંત્રી દરનો દર નહિવત વધારવા માટે પણ જણાવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર જો જંત્રી દર માં ૨૦% થી વધુનો પણ વધારો કરવામાં આવશે તો પણ સરકારને ખાંસી મોટી આવક થશે તેમાં કોઈ શંકા નથી. પરંતુ હાલ વિધાનસભા સત્ર ચાલતું હોવાથી આ અંગે કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી ત્યારે આવનારા દિવસોમાં આ અંગે નિર્ણય લઈ જંત્રીદાર નક્કી કરવામાં આવશે તેવું હાલ સ્પષ્ટ ચિત્ર ઉભું થયું છે. મહત્વનું એ છે કે રિયલ એસ્ટેટ સહિતના જે અન્ય ક્ષેત્રો છે કે તેઓને જંત્રી દર વધારવાથી સીધી કે આંશિક રીતે પણ ફેર પડતો હોય તે તમામનું માનવું છે કે રાજ્ય સરકાર દ્વારા જે ભાવ વધારો એટલે કે જે જંત્રી દરમાં વધારો કરવામાં આવે તે પરિસ્થિતિને ધ્યાને લઈ નિર્ણય લ્યે તો જ તે અસરકારક નીવડશે નહીંતર રીયલ એસ્ટેટ ક્ષેત્ર સંપૂર્ણપણે પડી ભાંગશે હાલ રીયલ એસ્ટેટ બેઠું થઈ રહ્યું છે પરંતુ જો જંત્રીનો મારો પડશે તો ફરી વખત આ ઉદ્યોગને બેઠો કરવો ખૂબ કપરો સાબિત થશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૪ દરમિયાન સરકારને ૧૬૦૦ કરોડથી વધુની આવક સ્ટેમ્પ ડ્યુટી મારફતે થયેલી છે ત્યારે આ વર્ષે પણ આ આંકડો વધારવામાં આવે તે માટે તખતો રાજ્ય સરકાર દ્વારા ઉભો કરવામાં આવ્યો છે. હવે જોવાનું એ રહ્યું કે રાજ્ય સરકારને જે રિયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રો દ્વારા વાંદા સૂચનો આપવામાં આવ્યા હતા તેને રાજ્ય સરકાર કેટલા અંશે ગ્રાહ્ય રાખે છે કારણ કે જો જંત્રી દર વધારવાનો નિર્ણય રાજ્ય સરકારી યથાવત રાખશે તો તેની ઘણી ખરાબ અસર રાજ્યના ઉદ્યોગો ઉપર પણ જોવા મળશે કારણ કે એટલો જંત્રી વધારો કોઈ મિલકત ધારક અથવા તો પ્રોજેક્ટ ઉભો કરનાર રિયલ એસ્ટેટ ડેવલોપર ખમી શકે નહીં ત્યારે હવે સંપૂર્ણ નિર્ણય સરકાર હસ્તક અનામત રાખવામાં આવેલો છે અને જે વાંદા સૂચનો આવ્યા છે તેના પર શું નિર્ણય લેવો તે પણ હજુ સુધી કંઈ નક્કી થઈ શક્યું નથી ત્યારે વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર વિધાનસભા સત્ર પૂર્ણ છતાં ની સાથે જ આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે કારણ કે પેલી એપ્રિલથી નવો જંત્રીદાર લાગુ થવાનો છે ત્યારે બાકી રહેતા ૩૫ થી ૩૬ દિવસ સુધીમાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

બીજી તરફ શહેરના ઘણા ખરા વિસ્તારો અત્યંત વિકસિત થઈ રહ્યા છે તો ઘણા ખરા વિસ્તારોમાં વિકાસ પણ ખૂબ તીવ્રવેગથી કરવામાં આવી રહ્યો છે ત્યારે આ વિસ્તારોમાં જંત્રીદર વધારવામાં આવે તો નવાઈ નહીં બીજી તરફ જો જંત્રી દરમાં ૨૫ ટકાનો પણ વધારો કરે તો પણ સરકારની સંપૂર્ણ તિજોરી છલકાઈ જશે તેવું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

### અપમૃત્યુની ઘટનાઓ અને આત્મહત્યાના પ્રયાસની ઘટનાઓનો સિલસિલો યથાવત

# ગ્રીલ ફીટીંગ વખતે પટકાતાં કારીગર યુવાનની જિંદગી ખતમ

## આરએમસીના સફાઇ કામદાર બેભાન થઇ ગયા બાદ મોત થયુંઃ અલગ અલગ કારણોસર મરી જવાનો પ્રયાસ કરવાની ચાર ઘટના

રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓમાં વધુ બે બનાવનો ઉમેરો થયો છે. જેમાં એક યુવાનનું લુહારી કામ કરતી વખતે પડી જવાથી મોત થયું છે જ્યારે બીજા બનાવમાં એક પ્રૌઢનું ઘરે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું છે. જ્યારે આપઘાતના પ્રયાસના અલગ અલગ ચાર બનાવ બન્યા હતાં. શહેરના લુહારી કામના કારીગર યુવાનનું જામનગરમાં સાઇટ પર કામ કરતી વખતે પડી જવાથી મૃત્યુ નિપજતાં પરિવારજનો આઘાતમાં ગરકાવ થઇ ગયા હતાં.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ પર જે. કે. પાર્ક શેરી નં. ૩માં રહેતાં તેતાલીસ વર્ષના હરેશભાઇ પ્રાગજીભાઇ મકવાણા નામના યુવાન ગયા રવિવારે જામનગર ખાતે હિરજી મિસ્ત્રી રોડ પર ક્રિષ્ના એપાર્ટમેન્ટ પાસે બાંધકામની સાઇટ પર પહેલા માળે ગ્રીલ ફીટીંગનું કામ કરી રહ્યા હતાં ત્યારે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં જામનગર સારવાર અપાવી અમદાવાદ અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર હરેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા જામનગર પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી.

બીજા બનાવમાં ઠક્કરબાપા હરિજનવસામાં રહેતાં વિજયભાઇ દેવજીભાઇ નૈયા નામના આરએમસીના સફાઇ કામદાર કર્મચારી ઘરે બેભાન થઇ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. પચાસ વર્ષના વિજયભાઇ બે ભાઈ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે. બનાવને પગલે સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો. એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતક બિમાર રહેતાં હોવાનું સગાએ કહ્યું હતું.



જ્યારે આપઘાતના પ્રયાસની ઘટનામાં એક પરિણીતા સાથે પતિએ માથાકુટ કરતાં અને તેણીના માવતર પક્ષ સાથે પણ ડખ્ખો કરતાં તેણી ફિનાઇલ પી ગઇ હતી. વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ રવેચીનગરમાં રહેતી વીસ વર્ષની રેશ્માબેન સોહેલ ઠેબા નામની પરિણીતાએ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી. રેશ્માબેને જણાવ્યું હતું કે તેણીના લગ્ન એક વર્ષ પહેલા સોહેલ સાથે થયા છે. સોહેલ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. પોતાને લગ્ન જીવન દરમિયાન એક દિકરી છે જે ચાર મહિનાની છે. પોતાને પતિ સાથે બપોરે બોલાચાલી ઝઘડો થયા હતાં. આ કારણે તેણીએ સાંજે નજીકમાં જ બરકતીનગરમાં રહેતાં માતા-પિતાને પતિને સમજાવવા માટે બોલાવ્યા હતાં. આ વખતે પતિ વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને ફરી ઝઘડો કરી તેણીના માતા પિતાને પણ મારવા દોડતાં પોતાને માઠુ લાગી જતાં ફિનાઇલ પી લીધુ હતું. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી. જ્યારે જિંદગી ટુંકાવવાના પ્રયાસની બીજી એક ઘટનામાં નટરાજનગર પાસે આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં સત્તાવન વર્ષના વિમલાબેન વિનુભાઇ સોલંકીએ ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવી હતી. તેમને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. અગાઉ તેમને કોરોના લાગુ પડ્યો હોઇ અને હાલમાં થોડા સમય પહેલા હાર્ટએટેક પણ આવ્યો હોઇ બિમાર રહેતાં હતાં. ઝેર પીવાનું કારણ પરિવારજનો જાણતાં નથી. ત્રીજી ઘટનામાં રેલનગર વીરસાવરકર ટાઉનશીપમાં રહેતાં મુળ રાજસ્થાનના પચ્ચીસ વર્ષના પ્રતાપ રામુરામ પ્રજાપતિએ માધવપાર્ક પાસે કામ કરતો હતો ત્યારે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પ્ર.નગર પોલીસને જાણ કરાઇ હતી. તે ચાર ભાઇ અને એક બહેનમાં મોટો છે અને આગામી માર્ચ મહિનામાં તેના લગ્ન નક્કી થયા છે. તે ફર્નિચર કામ કરી ગુજરાન ચલાવે છે. કારણ પરિવારજનો જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી. જ્યારે ચોથા બનાવમાં તાલાલામાં શ્યામ વિલા એપાર્ટમેન્ટમાં ગુંદાળા રોડ પર રહેતાં સાડત્રીસ વર્ષના આનંદભાઇ બિપીનભાઇ ધકાણ નામના યુવાને ઘરે શેમ્પુ પી લેતાં તાલાલા ખાતે સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ તાલાલા પોલીસને જાણ કરી હતી. આનંદભાઇ સોની કામ કરવાની સાથે સાથે લોન પાસ કરાવવાનું કામ પણ કરે છે. તે ત્રણ બહેન અને એક ભાઇમાં મોટા છે.

આર્થિક ભીંસને કારણે પગલુ ભર્યાની શક્યતા તેમના સગાએ જણાવી હતી. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### ઉત્સાહી યુવાનને કેકેવી ચોકની ટ્રાફિક ચોકીની સામેની ગલીમાં અનિલ અને તેનો છોકરો દારૂ વેંચે છે એવી પાક્કી માહિતી મળી હતી

# દારૂની બાતમી પરથી કવરેજ કરવા ગયો અને પાઈપના ઘા થયા!

## ઉત્સાહી યુવાનને તું અહિ લેડીઝની હાજરીમાં કેમ ગાળો બોલે છે કહી ધમકાવાયો પછી બાપ-બેટાએ મળી બેફામ ફટકારી હવે પછી આવ્યો તો મારી નાખશું તેવી ધમકી પણ દીધીઃ માલવીયાનગર પોલીસે એફઆઈઆર દાખલ કરી

રાજકોટઃ શહેરમાં પોતાને મિડીયાના પત્રકાર તરીકે પ્રસ્થાપિત કરી ઓળખ આપી, ઓળખકાર્ડ બતાવી રિપોર્ટીંગ કરવા અનેક ઉત્સાહી યુવાનો પહોંચી જતાં હોય છે. અલગ અલગ શેરીઓ ગલીઓમાં આજે રિપોર્ટર ઉભા થઇ ગયા છે. અનેક નામી અનામી સોશિયલ મિડીયા, ડિજીટલ મિડીયાના માધ્યમથી લોકો પત્રકાર, રિપોર્ટર બની ક્રાઇમ સહિતની ઘટનાનો પર્દાફાશ કરતાં હોય છે. પરંતુ ઘણીવાર આવા લોકોને માર પણ ખાવો પડે છે. દરમિયાન કેકેવી



હોલ ચોક પાસેની શેરીમાં દારૂ વેંચાય છે એવી બાતમી-માહિતી મળતાં કવરેજ કરવા પહોંચી ગયેલા યુવાનને બાપ-બેટાએ મળી લોખંડના પાઇપથી ફટકારી લોહીલુહાણ કરી નાંખી ઉપરથી જાનથી મારી નાખવાની ધમકી પણ ઠપકારતાં આ યુવાનને પોલીસની મદદ લેવી પડી છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પુષ્કરધામ નજીક રહેતો યુવાન કેકેવી હોલ નજીક ટ્રાફિક પોલીસ ચોકીની સામેની ગલીમાં દારૂ વેંચાતો હોવાની માહિતી પરથી કવરેજ કરવા જતાં ત્યાં હાજર એક શખ્સે તું અહિ ગાળો કેમ બોલે છે? કહી પિતા-પુત્રએ મળી લોખંડના પાઇપથી માર મારી ગાળો દઇ હવે પછી અહિ આવીશ તો જાનથી મારી નાંખશું કહી ધમકી આપતાં યુવાન લોહીલુહાણ હાલતમાં સારવાર માટે પહોંચ્યો હતો. માલવીયાનગર પોલીસે પુષ્કરધામ રોડ નિલકંઠ પાર્ક-૧૪માં રહેતાં પચ્ચીસ વર્ષના યુવાન કપીલ હરેશભાઇ દાફડાની ફરિયાદ પરથી અનિલ અને અનીલના છોકરા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. કપિલ દાફડાએ પોલીસને જણાવ્યું છે કે સવારે સાડા દસેક વાગ્યે ઘરેથી નીકળી કેકેવી હોલ પાસે ગયો હતો.

કપિલે આગળ કહ્યું હતું કે મને ચારેક દિવસ પહેલા માહિતી મળી હતી કે કેકેવી હો પાસે ટ્રાફિક પોલીસ ચોકીની સામેની ગલીમાં અનિલ ગેરકાયદેસર રીતે દારૂનું વેંચાણ કરે છે. જેથી હું આ ગલીમાં કવરેજ કરવા માટે ગયો હતો. ત્યાં માણસો ભેગા થઇ ગયા હતાં અને થોડીવારમાં અનિલનો છોકરો આવીને મને કહેવા માંડ્યો હતો કે- તું અહિ ગાળો કેમ બોલે છે?, અહિ લેડીઝ પણ છે. જેથી મેં કહેલું કે હું ક્યાં ગાળો બોલુ છું. ત્યાં અનિલ પણ આવી ગયેલ. એ દરમિયાન અનિલના છોકરાએ મને લોખંડનો પાઇપ માથાના ભાગે ફટકારી દીધો હતો. તેમજ બીજો ઘા માથા પાછળ મારી દેતાં લોહી નીકળવા માંડ્યા હતાં. આ ઉપરાંત અનિલે તેના છોકરાના હાથમાંથી પાઇપ લઇ મને ડાબા પગમાં અને સાથળમાં ઘા ફટકાર્યા હતાં. આ પછી આ બાપ-દિકરાએ મળી ગાળો દીધી હતી અને 'હવે જો તું અહિ આવીશ તો જાનથી મારી નાંખીશ' કહી ધમકી આપી હતી.

આ હુમલાને કારણે મને લોહી નીકળતાં હોઇ વધુ માર મારશે એવુ લાગતાં હું જીવ બચાવી બહાર નીકળી ગયો હતો અને બહાર નીકળી ૧૦૮ને ફોન કરતાં ગાડી આવી જતાં સારવાર માટે હોસ્પિટલમાં પહોંચ્યો હતો. તબિબે માથામાં બે ત્રણ ટાંકા લીધા હતાં અને માથા પાછળના ભાગે તથા સાથળમાં મુંઢ ઇજા થઇ હતી. કપિલે કહ્યું હતું કે મને માહિતી મળી હતી કે કેકેવી હોલ પાસે ટ્રાફિક પોલીસ ચોકીની સામેની ગલીમાં દારૂ વેંચાય છે જેથી કવરેજ કરવા જતાં અનિલ અને તેના છોકરાએ તું અહિ ગાળો કેમ બોલે છે? કહી પાઇપથી હુમલો કરી ગાળો દઇ મુંઢ મારી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમ વધુમાં કપિલે જણાવતાં માલવીયાનગરના પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇના માર્ગદર્શન હેઠળ એએસઆઇ એચ. ટી. પરમારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કપિલ દાફડાએ પોતે ઇન્ડિયન ક્રાઇમ પ્રેસમાં નોકરી કરતો હોવાનું પોલીસને કહ્યું હતું. અનિલ અને તેનો છોકરો દારૂ વેંચતા હતાં કે કેમ? તેની તપાસ પણ તપાસ થવી જોઇએ.

ચોરી ઉપર સે સીનાજોરીઃ રાજકોટ અમદાવાદ હાઇવે પર બનેલી ઘટનાઃ એરપોર્ટ પોલીસે કરી કાર્યવાહી

# રેતીનું ડમ્પર પકડતા ખનીજ અધિકારીની ટીમ પર હુમલો

**ચાલક અને સાથેનો શખ્સ ડમ્પર લઇ ભાગી ગયાઃ પીછો કરવામાં આવતાં ડમ્પર માથે ચડાવી દેવાની ધમકી આપીઃ છેલ્લે પોલીસ સ્ટેશને ડમ્પર રજુ કરતી વખતે રેતી ખાલી કરી છાણીયુ ખાતર ભરેલુ ડમ્પર લઇને ચાલક આવ્યો!**



રાજકોટઃ શહેરના રાજકોટ-અમદાવાદ હાઇવે પર અવાર-નવાર ખાણખનીજ ખાતાના અધિકારીઓ અને ખનીજ ચોરી કરનારા વાહનચાલકો વચ્ચે માથાકુટ થતી હોય છે. ત્યાં હવે ચોરી ઉપર સે સીનાજોરી જેવી ઘટના બની છે. જેમાં રાજકોટ-અમદાવાદ હાઇવે પર બંસલ પંપ નજીક ખાણ ખનીજ ખાતાના માઇન્સ સુપરવાઇઝર અને તેની ટીમે રેતી ભરેલુ ડમ્પર અટકાવી મેમો આપતાં ડમ્પર ચાલક અને ડમ્પરના વહિવટ સંભાળતા શખ્સે ગાળો દઇ ફરજમાં રૂકાવટ કરી ડમ્પર લઇ ભાગી જઇ બાદમાં ડમ્પર માથે ચડાવી દેવાની ધમકી આપી તેમજ પોલીસ સ્ટેશનમાં ડમ્પર રજૂ કરતી વખતે રેતી ભરેલા ડમ્પરને બદલે છાણીયુ ખાતર ભરેલુ ડમ્પર રજુ કરી દઇ કારીગીરી કરી હતી!

ચર્ચા જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એરપોર્ટ પોલીસે શહેરમાં માઇન્સ સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં હિતેષભાઇ મેરૂભાઇ સોલંકીની ફરિયાદ પરથી હીરાસર ગામે રહેતાં મનોજ કડવાભાઇ સોલંકી અને મહેશ કડવાભાઇ સોલંકી વિરૂધ્ધ ફરજમાં રૂકાવટ, ડમ્પર માથે ચડાવી મારી નાખવાની ધમકી આપવાનો અને રેતી ભરેલુ ડમ્પર પોલીસ સ્ટેશને લાવવાને બદલે છાણીયુ ખાતર ભરેલુ ડમ્પર પોલીસ સ્ટેશનમાં રજૂ કરવાનો ગુનો દાખલ કર્યો છે. હિતેષભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે હું તથા અન્ય માઇન્સ સુપરવાઇઝર આશીષભાઇ પરમાર, સિક્યુરીટી ગાર્ડ પૃથ્વીરાજસિંહ ચૌહાણ, ડ્રાઇવર કુલદીપભાઇ ખાચર, રોહીતભાઇ સાથે ખાનગી કાર જીજે૦૩બીવાય-૬૫૮૦માં અમદાવાદ-રાજકોટ હાઇવે પર ગેરકાયદેસર ખનીજ વહન કરતાં શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી માટે પેટ્રોલીંગમાં હતાં ત્યારે રાજકોટ અમદાવાદ હાઇવે પર બંસલ પંપ પાસે અમે ચોટીલા તરફથી આવતું રેતી ભરેલુ ડમ્પર હાથ ઉંચો કરી રોકવા માટે ઇશારો કરતાં ડમ્પરના ચાલકે ડમ્પર ભગાવી મુકતાં અમે અમારી કારથી તેનો પીછો કર્યો હતો.

આ વખતે અમે ખાણ ખનીજ વ્ભિાગના માણસો છીએ તમારુ ડમ્પર ઉભુ રાખો તેમ કહેતાં ચાલકે બામણબોર જીઆઇડીસી તરફ જવાના રસ્તે હીરાસર ગામ તરફ ડમ્પર હંકારી ત્યાં આગળ રોડ પર ઉભુ રાખી દીધુ હતું. અમે ડ્રાઇવરની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ મનોજ કડવાભાઇ સોલંકી જણાવ્યું હતું. તેમાં ૪૦ મેટ્રીક ટન રેતી ભરેલી હતી. ડમ્પરના નં. જીજે૧૩એએક્સ-૫૩૩૦ હતાં. જ્યારે ડમ્પરનો વહિવટ સંભાળતા શખ્સે પોતાનું નામ મહેશ કડવાભાઇ સોલંકી તથા પોતે હીરાસરનો હોવાનું જણાવ્યું હતું. આ પછી અમે તેને વાહન જપ્તીનો ફોર્મ-જે સીઝર મેમો આપ્યો હતો. આ ડમ્પર સુરેન્દ્રનગરના વંતચરના જગદીશભાઇ સગરામભાઇ ખાંભલાનું હોઇ ડ્રાઇવરને મેમોમાં સહી કરવાનું કહેતાં તેણે સહી કરી નહોતી. ડમ્પર માલિક હાજર ન હોઇ જેથી ડમ્પરનવ વહિવટ સંભાળતા મહેશ સોલંકીએ સીઝર મેમોમાં સહી કરી હતી અને ડમ્પર અમે તેને પોલીસ સ્ટેશને લઇ લેવાનું કહેતાં ડ્રાઇવર મનોજ અને સાથેના મહેશે ગાળો દેવાનું ચાલુ કર્યુ હતું.

આ ઉપરમાંત મને તથા સાથેના સ્ટાફને બેફામ ગાળો આપી હતી. તેમજ મહેશે ડ્રાઇવરની ગાડી લઇ જતાં રહેવાનું અને રેતી રસ્તામાં ઉલાળીને ખાલી કરી નાખવાનું કહેતાં મહેશ ડમ્પર લઇ ગામ તરફ ભાગી ગયો હતો. અમે ડમ્પરનો પીછો કરતાં મહેશ અમારી ગાડીમાં અડચણરૂપ થયેલ અને ડમ્પર ભગાડી દીધુ હતું. આ પછી અમે હીરાસર ગામમાં જતાં મહેશના સગાવ્હાલા વચ્ચે પડેલા. મહેશે ત્યાં પણ જેમતેમ બોલી અહિથી જતા રહો નહિતર તમારા ઉપર ડમ્પર ચડાવી દઇ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમારી સાથે ગનમેન હોઇ હોઇ તેના ઉપર પણ હુમલો કરવાની કોશિષ કરી હતી અને અમારી કારના પાછળના દરવાજા પર મહેશે પાટા માર્યા હતાં. આથી અમે ત્યાંથી નીકળી ગયા હતાં અને એરપોર્ટ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. અહિ પાછળથી મહેશ પણ આવ્યો હતો અને પોતાની ભુલ સ્વીકારી ડમ્પર પોલીસ સ્ટેશને લાવવા રાજી થયો હતો.

ત્યારબાદમા મોડેથી તેણે ડમ્પર જીજે૧૩એએક્સ-૫૩૩૦ રજુ કર્યુ હતું. જેમાં ઉપર લાલી જાજમ બાંધેલી હતી અને અંદર રેતીના બદલે છાણીયુ ખાતર ભરી રજુ કર્યુ હતું. જો કે ડમ્પરના ટાયરના વચ્ચેનાભાગમાં, બોડી લેવલના ઉપરના ભાગમાં અને સાઇડના પતરાની કિનારી પર સાદી રેતી ખનીજ જોવા મળી હતી. અમે સીઝર મેમો સાથે પોલીસ સ્ટેશનમાં ઇન્વર્ડ કરાવ્યું હતુ અને મહેશ તથા મનોજ જતાં રહ્યા હતાં. જો કે જતાં જતાં આ બંનેએ ધમકી આપી હતી કે અમારા વિરૂધ્ધ ખનીજ ચોરીનો દંડ કરશો કે ફરિયાદ કરશો તો તમારા વિરૂધ્ધ અમે ફરિયાદ કરશું તેમ કહી ધમકી આપી હતી. રોયલ્ટી વગર બંનેએ રેતી ભરી હોઇ અલગથી કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

આ પછી ડમ્પર ચાલક અને વહિવટ સંભાળનારને અમે રોયલ્ટી ચોરી અંગે અટકાવી મેમો આપતાં બંનેએ ઉશ્કેરાઇ જઇ ગાળો દઇ ફરજમાં રૂકાવટ કરી ડમ્પર ભગાવી મુકી તેમજ બાદમાં ડમ્પર અમારી માથે ચડાવી દેવાની ધમકી આપી છેલ્લે રેતી ખાલી કરી તેમાં છાણીયુ ખાતર ભરી આ ડમ્પર પોલીસ સ્ટેશને રજુ કર્યુ હોઇ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીના માઇન્સ સુપરવાઇઝર એચ. એમ. સોલંકીએ જણાવતા એરપોર્ટ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આઇ. એન. સાવલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ. એસ. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી હતી. આ મામલે પોલીસે આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

બહુ ચર્ચિત ૨૭ નિર્દોશનો ભોગ લેનાર અગ્નિકાંડના કેસમાં

# ફેબ્રીકેશન કોન્ટ્રાકટર - ફાયર સ્ટેશન ઓફીસરની જામીન અરજી ફગાવતી કોર્ટ







રાજકોટ મિરર, તા.૨૫

ટીઆરપી અગ્નિકાંડ કેસ સ્પે.પી.પી. તુષાર ગોકાણીની કલાકોની દલીલો ધ્યાને લઈને ફેબ્રીકેશન કામના કોન્ટ્રાક્ટર મહેશ રાઠોડ અને કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાની જામીન અરજીઓ સેશન્સ અદાલતે ફગાવી દીધી હતી.

અગાઉ હાઈકોર્ટે ત્રણ આરોપીઓને જામીનમુક્ત કરતા બીજા આરોપીઓએ સમાનતાના સિદ્ધાંત મુજબ જામીન અરજીઓ કરેલ હતી. મહેશ રાઠોડની જામીન અરજીમાં વિસ્તૃત દલીલો સાંભળી ચુકાદો અનામત રાખ્યા બાદ પાંચ દિવસે અદાલતે હુકમ આપી જામીન અરજી ફગાવી દીધી છે. જ્યારે રોહિત વિગોરાએ ૨૫૦ પાનાની જામીન અરજી દાખલ કરેલ હતી જે સંદર્ભે ગઈકાલે સાંજ સુધી બંને પક્ષે આખરી દલીલો ચાલેલ હતિ અને આજરોજ અદાલતે તેનો પણ ચુકાદો આપી જામીન અરજી ફગાવી દીધેલ છે

ટીઆરપી કેસમાં સરકાર તરફથી ખાસ નિમાયેલ સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી, આસિસ્ટન્ટ પીપી નિતેશ કથીરિયા તથા ભોગ બનનાર પરિવારવતી સુરેશ ફળદુ અને એન. આર. જાડેજા રોકાયા હતા.

નશાખોર ભત્રીજાને ટૂર ટ્રાવેલ્સ સંચાલકે ટપારતાં ખાર રાખી તલવાર, છરી, ધોકા ધારણ કરી મચાવી ધમાલ

# રામનાથપરામાં નવયગુપરાના દંપતિ પર સગા ભાઇ, ભત્રીજાઓએ ટોળકી રચી કર્યો સશસ્ત્ર હુમલો



રાજકોટઃ મારામારીની વધુ એક ઘટનામાં શહેરના ઘાંચીવાડ પાસે નવયુગપરામાં રહેતાં અને કલરકામ તથા હજની ટુરનું કામ કરતાં આધેડ તથા તેના પત્નિને રામનાથપરા જુની જેલ નજીક સગા મોટા ભાઇ, ભત્રીજાઓ સહિતનાએ ટોળકી રચી તલવાર, ધોકા, છરીથી હુમલો કરી ઘાયલ કરી મારી નાખવાની ધમકી આપતાં પોલીસે કાર્યવાહી કરી હતી. આ મામલે એ-ડિવીઝન પોલીસે ઘાંચીવાડ નવયુગપરા-૧ના ખુણે જેડી પાન પાસે રહેતાંઅડતાલીસ વર્ષના ગુલામકાદરખાન મજીદખાન યુસુફીની ફરિયાદ પરથી નજીરખાન મજીદખાના યુસુફી, નોહીનખાન નજીરખાન યુસફી, બીલાલખાન નજીરખાન યુસુફી, નુરજહાં નજીરખાન યુસુફી, અફસાના નજીરખાન યુસુફી, રોશનબેન નોહીનખાન યુસુફી અને નોહીનખાનના ત્રણ મિત્રો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

હુમલામાં ઘાયલ થયેલા ગુલામકાદરખાને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મારે બે દિકરા છે. જેમાં મોટો દિકરો રિયાઝ અને નાનો સાહીલખાન છે આ બંને પરિણીત છે. મોટો પ્રાઇવેટ નોકરી કરે છે. જ્યારે નાનો કલરકામ કરે છે. હું પણ કલરકામ કરવાની સાથે અમારા સમાજના લોકોને હજ યાત્રા કરાવુ છું. ઘરે બેઠા હું ટુર ટ્રાવેલ્સનું આ કામ કરુ છું. મારા પત્નિનું નામ રેશ્માબેન છે. અમે ચાર ભાઇઓ છીએ જેમાં મોટાનું નામ નજીરખાન છે, જે તેના પરિવાર સાથે રામનાથપરા-૬માં હુશેની ચોક ખાનસાહેબ મંજીલ ખાતે રહે છે. તેનાથી નાના મુર્તુઝાખાન હયાત નથી. એ પછી હમીદખાન એસટી વર્કશોપ પાસે રહે છે. રાતે પોણા અગિયારેક વાગ્યે હું અને મારા પત્નિ રેશ્માબેન રામનાથપરા હુશેનીચોક-૬ ખાતે ખાન સાહેબના મંજીલ ખાતે સુવા માટે મારુ એકટીવા લઇને ગયા હતાં. રસ્તામાં રામનાથપરા પોલીસ લઇાન પાસે હોથી સર્વિસ સ્ટેશન નજીક સામેના રોડ પર પહોંચતા મારો ભત્રીજો નોહીનખાન નજીરખાન, બીલાલ નજીરખાન, મોટા ભાઇ નજીરખાન મજીદખાન, નોહીનના ત્રણ મિત્રો તેમજ નોહીનના પત્નિ, બહેન સહિતના હાજર હતાં.

આ બધાએ મારુ એકટીવા અટકાવ્યુ હતું અને ઝઘડો કરી નોહીને ધોકો કાઢી એક્ટીવામાં મારી તેમજ મને પણ હાથે-પગે ઘા ફટકાર્યા હતાં. મારા પત્નિને પણ ગાળો દઇ મારકુટ કરવા માંડ્યા હતાં. બીલાલે તલવારની ઉંધી સાઇડ મને મારી હતી, તેમજ છરી કાઢી પગમાં મારી દીધી હતી. હું ભાગવા જતાં નોહીનના મિત્રએ પાછળ દોડી ઉંધી તલવારી મારી હતી. હું જેક. ટાગયર પાસે બેસી ગયો હતો. ત્યાં મારા પત્નિ પણ મારી પાસે આવી ગઇ હતી. મને મોઢાના ભાગે, ડાબી આંખ નીચે અને નાકમાં ઇજા થઇ હતી. આ દરમિયાના મારો દિકરો સાહિલખાન રિક્ષા લઇને નીકળતાં તેણે ૧૦૮ બોલાવી હતી અને મને તથા મારા પત્નિને સારવાર માટે ખસેડ્યા હતાં. અમે રામનાથપરાના ડેલામાં સુવા આવીએ તે ભત્રીજા નોહીનને ગમતું નથી. તે દારૂ પીવાની ટેવ ધરાવતો હોઇ અને ખરાબ કામ કરતો હોઇ તેને ના પાડતાં ખાર રાખી તલવાર, ધોકા, છરીથી હુમલો કરી ધમકી આપી હતી. તેમ વધુમાં ગુલામકાદરખાને જણાવતાં હેડકોન્સ. ડી. કે. પરમારે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# ૨જી માર્ચે સોમનાથની મુલાકાત લઈ મોદીજી સાસણ રાત્રી રોકાણ કરે તેવી સંભાવના

**વાઈલ્ડ ફોરેસ્ટ બોર્ડની બેઠકનું આયોજન થાય તેવી ધારણા**



રાજકોટ,તા.૨૪

૨જી અને ૩જી માર્ચના રોજ વડાપ્રધાન મોદી ગીર સાસણની મુલાકાત લે અને સોમનાથ મહાદેવને શીશ નમાવે તેવી સંભાવના હાલ વ્યકત થઈ રહી છે. મળતી માહિતી મુજબ વડાપ્રધાન ૨જી માર્ચના રોજ સોમનાથ દાદાના દર્શન કરી અને રાત્રી રોકાણ સાસણમાં કરે તેવી હાલ સંભાવનાઓ વ્યકત થઈ રહી છે. એટલું જ નહીં ૩જી તારીખે તેમના દ્વારા વાઈલ્ડ ફોરેસ્ટ બોર્ડની બેઠકનું પણ આયોજન કરવામાં આવે તેલી શકયતાઓ સેવાઈ રહી છે. જે અંગેના નિર્દેશો થઈ રહ્યાં છે. બીજી તરફ ઈકો ઝોનને લઈને જે જાહેરાત થઈ છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવે તેવી સંભાવના જોવા મળી રહી છે. સુત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન સોમનાથમાં વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરી શકે છે. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે નિમિત્તે તેઓ ગીર અને સોમનાથની મુલાકાત કરે તેવી પ્રબળ સંભાવનાઓ હાલ વ્યકત કરવામાં આવી રહી છે. એટલું જ નહીં વાઈલ્ડ ફોરેસ્ટ બોર્ડની બેઠકમાં સિંહ સંરક્ષણ માટે નવી યોજનાની પણ જાહેરાત કરવામાં આવી શકે છે ત્યારે કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગનાં તેમજ પાટનગર ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કાર્યક્રમની તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીનું જે સ્વપ્ન છે તેને સાકાર કરવા માટે વિવિધ યોજનાઓની અમલવારી કરવામાં આવી છે. પરંતુ તેઓ વન્ય જીવન સૃષ્ટિનાં સંવર્ધન અને ઈકો સિસ્ટમને મજબૂત બનાવવા માટે પણ દરેક સંભવત પ્રયત્નો કરી રહ્યાં છે. કારણ કે તેમની વન્ય જીવન પ્રત્યેની લાગણી અને ભાવ કંઈક અલગ જ છે. પછી તે ગીર-સાસણ હોય કે કાઝીરંગા પાર્ક હોય કે જીમર્કોબેટ પાર્ક હોય આ તમામ વન્ય સૃષ્ટિ માટે ઉભા કરેલા પાર્કને વધુ વિકસીત કરવા તે નેમ સાથે વડાપ્રધાન આગળ વધી રહ્યાં છે એટલું જ નહીં તેમનું માનવું છે કે દેશમાં ગ્રીન કવર પણ એટલું જ વધવું જોઈએ.

# ગૃહમંત્રી હર્ષ સંઘવી-પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે સોમનાથમાં



રાજકોટ મિરર, તા.૨૫

દેવાધિદેવ ભોળાનાથને રિઝવવાનું સૌથી મોટું પર્વ એવા આજે મહાશિવરાત્રી નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથમાં શિવભક્તિનો માનવ મહેરામણ ઉમટી પડશે. આ દિવસે દર વર્ષે લાખોની ભાવિકો-જનમેદની સોમનાથમા ઉમટી પડે છે.

અને પ્રત્યેક ભાવિક દેવાધિદેવ શ્રી સોમનાથ મહાદેવને શીશ ટેકવીને પુણ્યનું ભાથુ બાંધ્યું હોવાની આસ્થા વ્યક્ત કરતા જોવા મળે છે. ત્યારે આ મહાપર્વ નિમિત્તે દેવાધિદેવ શ્રી સોમનાથ મહાદેવના દર્શન તેમજ પૂજન અર્ચન માટે આજે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સોમનાથના મહેમાન બનશે. વહેલી સવારથી જ આ બંને મહાનુભાવો સોમનાથ મંદિરે પહોંચીને શાસ્ત્રોક વિધિથી રુદ્રાભિષેક સહિતનુ પૂજન, અર્ચન કરી સોમનાથ મહાદેવને શીશ નમાવી રાજ્યની પ્રજાની સુખાકારી અને મહત્તમ સલામતી માટે પ્રાર્થના કરશે.

મહાશિવરાત્રીના પાવન પ્રસંગે સમગ્ર દેશના શિવાલયોમાં આજ વહેલી સવારથી જ પૂજા, અર્ચના થશે અને ભાવિક ભકતો ધન્યતા અનુભવશે. પ્રસિધ્ધ શિવાલયોમાં ગઈકાલ રાતથી જ ભારે ભીડ જોવા મળી હતી. ત્યારે આજના દિવસે પણ દેશ-વિદેશ શ્રધ્ધાળુઓ ભગવાન શિવના દર્શન કરવા અને ધન્યતા અનુભવા આવશે. સોમનાથ મહાદેવ મંદિર ખાતે ગઈકાલથી જ ભારે ભીડ જોવા મળી હતી.

# આજે કત્તલખાના ઉપરાંત માંસ, મટન, મચ્છી, ચિકનના વેંચાણ-સ્ટોરેજ પર લદાયો પ્રતિબંધ

**જાહેરનામામાં સુધારો કરાયો, ભાજપ-કોંગ્રેસની માંગ મુજબ નવું જાહેરનામું બહાર પડાયું**

રાજકોટ મિરર, તા.૨૬

મનપા દ્વારા આજે મહાશિવરાત્રીના પાવન પર્વે કતલખાના બંધ રાખવાની સાથે માંસ, મટન, મચ્છી અને ચિકનના વેંચાણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ ફરમાવતું નવું જાહેરનામું બહાર પડાયું છે. અગાઉના જાહેરનામા સંદર્ભે ભાજપના ધારાસભ્ય ડો.દર્શીતાબેન, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી તેમજ મનપાના વિરોધપક્ષ નેતા વશરામભાઇ સાગઠીયાએ મ્યુ. કમિશનરને રજુઆત કરી હતી જાહેરનામાંને વધુ અસરકારક બનાવવા કરાયેલી માંગના સંદર્ભે મનપાએ નવેસરથી જાહેરનામું બહાર પાડ્યું છે. અગાઉ જાહેરનામા અંગે સોલીડ વેસ્ટ શાખાને જવાબદારી સોંપાઈ હતી પણ હવે આરોગ્ય શાખા જાહેરનામાના અમલ માટે કવાયત કરશે તેવું જાણવા મળ્યું છે.

મનપાના જાહેરનામા મુજબ ઉકત સંદર્ભે અન્વયે ‘‘મહાશિવરાત્રી’’ નિમિતે આજે તા.૨૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેંચાણ કે સ્ટોર કરવા પ્રતિબંધ લદાયો છે.

સંબધકર્તા સર્વેએ આ જાહેર સુચનાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેર સુચનાનો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ હેઠળ રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ કરાઈ હોવાથી સંબંધકર્તા તમામે ગંભીર નોંધ લેવા મનપાના આરોગ્ય અધિકારીએ જાહેરનામુ બહાર પાડયું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાશિવરાત્રી સંદર્ભ શહેરમાં આવેલ કતલખાના બંધ રાખવા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ જાહેરનામામા માસ, મટન, મચ્છી, ચિકનના વેચાણ અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. આ બાબત ધ્યાને આવતા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ દ્વારા આ અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ મ્યુનિસિપલ કમિશનરનું ધ્યાન દોર્યું હતું. મુખ્યમંત્રી દ્વારા આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરીને જાહેરનામામાં સુધારો કરાવાતા મહાશિવરાત્રી નિમિત્તે કતલખાના બંધ રાખવા. તેમજ માસ, મટન, મચ્છી અને ચિકનનું વેચાણ પર પણ પ્રતિબંધ લાદી દેવાયો છે. તાત્કાલિક નિર્ણય લેવા બદલ ધારાસભ્યડો. દર્શિતા શાહ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માની મહાશિવરાત્રીના પાવન પવિત્ર દિવસે તમામ શહેરીજનોને શુભેચ્છા પાઠવી છે.

જ્યારે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, મનપાના વિરોધ પક્ષના નેતા વશરામભાઇ સાગઠીયાએ મનપાના મહાશિવરાત્રીએ બહાર પાડવામાં આવેલ કતલખાના બંધ રાખવાના જાહેરનામામાં સુધારો કરવા મ્યુ. કમિશનરને રજુઆત કરી હતી. જે અન્વયે તંત્ર દ્વારા કતલખાના ઉપરાંત માંસ, મટન, મચ્છી અને ચીકનના વેચાણ-સંગ્રહ કરવા ઉપર પ્રતિબંધ લગાવતું નવું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.







**ટીપી શાખાનું વધુ એક પાપ છાપરે ચઢીને પોકારી શકે છે**

# રહેણાક પ્લોટમાં ૭ માળનું કોમર્શિયલ ખડકી દેતા વિવાદ

## નાનામવા રોડ પર આવેલા નહેરુ નગર સોસાયટીના રહેવાસીઓ હાઈકોર્ટના શરણે : ગુરુવારે મનપાના અધિકારીઓને તેડું

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ છેલ્લા ઘણા સમયથી વિવાદોમાં ઘેરાયેલું છે ત્યારે ફરી એક વિવાદ આખે વળગ્યો છે. નાનામવા વિસ્તારમાં આવેલા નહેરુ નગર કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી માં રહેણાક પ્લોટમાં કોમર્શિયલ બાંધકામ ખડકી દેવાતા વિવાદ વકર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ અંગે ૨૦૨૨ માં પૂર્વ ટાઉન પ્લાનિંગ અધિકારી સાગઠીયા દ્વારા એનઓસી વગર જ મંજૂરી આપી દીધી હોવાનું હાલ ચર્ચાઇ રહ્યું છે.

એટલું જ નહીં જે માહિતી સામે આવી છે તેમાં ૨૦૨૨ માં મહાનગરપાલિકા તરફથી રિવાઇઝ પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો જેમાં સોસાયટીએ કોઈપણ એનઓસી આપ્યું ન હોવાનું માલુમ પડ્યું છે.

ખરેખર આ સમગ્ર હકીકત શું છે તે અંગે જ્યારે પ્લોટના માલિક મહેન્દ્રભાઈ ગજેરા સાથે વાત કરવામાં આવી તો તેઓએ જણાવ્યું કે આ મુદ્દો મારા કરતાં વધુ બે બોડી વચ્ચેનો છે એટલે કે જૂની બોડી કે જે ચંદુભાઈ કથીરિયા અને નવી બોડી એટલે કે રસિકભાઈ બાલધા તે બંને વચ્ચેના વિવાદમાં આ મુદ્દો સામે આવ્યો છે. પરંતુ બીજી તરફ એવી પણ વિગતો સામે આવી છે કે સોસાયટીના રહેવાસીઓએ આ અંગે સીએમ ઓફિસમાં પણ ફરિયાદ કરી હતી અને જેના ભાગરૂપે હાલ તંત્ર સફાળે જાગ્યું છે અને વેસ્ટ ઝોન દ્વારા આ અંગે સમગ્ર કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલ મળતી માહિતી મુજબ ગુરૂવારના રોજ મહાનગરપાલિકાના અધિકારીઓને પણ હાઈકોર્ટમાં બોલાવવામાં આવ્યા છે ત્યારે આ અંગે શું ચર્ચા વિચારણા થાય છે તે તો આવનારો સમય જ જણાવશે પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે ફરી એક વખત ટાઉન પ્લાનિંગ વિભાગનું પાપ છાપરે ચડીને પોકારી રહ્યું છે. એક નહીં અનેક ભ્રષ્ટાચારો સામે આવી રહ્યા છે ત્યારે નહેરુનગર કો ઓપરેટિવ સોસાયટીના લોકોએ આ અંગે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા કારણકે તેઓને અધિકારીઓ પાસેથી કોઈ યોગ્ય જવાબ મળતો ન હોવાનું માલુમ પડતા પીએમઓ અને સીએમઓ પોર્ટલ પર ફરિયાદ દાખલ કરવામાં આવી.

નાના મોવા મેઈન રોડ ઉપર આવેલા નેહરુનગર કોપરેટીવ હાઉસિંગ સોસાયટી ના સૂત્રોના જણાવ્યા અનુસાર સોસાયટીના જે નિયમો છે તે મુજબ રહેણાંક હેતુનો પ્લોટ હોવાથી તેમાં રહેણાંક મકાન બનાવી શકાય છતાં કોઈપણની શેહશરમ રાખ્યા વગર પ્લોટના માલિકે વીએસ એન્ટરપ્રાઇઝની પેઢી હેઠળ કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું જે બાદ લવાદ કોર્ટમાં આ અંગે કેસ પણ કરવામાં આવ્યો.

કોર્ટ દ્વારા સ્ટેટસ કો લાગુ કરવામાં આવ્યો છતાં પ્લોટના માલિકે તેનો અનાદાર કરી બાંધકામ ચાલુ રાખ્યું હતું જે ખરા અર્થમાં અયોગ્ય છે. કહેવત છે કે એક હાથે તાલી ન વાગે જો સોસાયટીનું કેવું સાચું હોય તો મહાનગરપાલિકાના સંબંધિત વિભાગ એટલે કે ટાઉન પ્લાનિંગ વિભાગ ની પણ આ કિસ્સામાં સંડોવણી ખોલી શકે છે તેમાં કોઈ શંકા નથી.

એટલું જ નહીં ભૂતપૂર્વ ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠીયા દ્વારા કરવામાં આવેલી કામગીરી અને આ પાપમાં જોડાયેલા અધિકારીઓનો પણ ભાંડો ફૂટે તો નવાઈ નહીં.

### પ્લોટ ટ્રાન્સફર ફી સરકાર મુજબ ૫૦,૦૦૦ થી વધુ ન લઈ શકાય તો ૧.૩૨ લાખ રૂપિયા શું કામ લેવાયા ?

કોઈપણ પ્લોટ જ્યારે ટ્રાન્સફર કરવામાં આવે તો ટ્રાન્સફર ફી પેટે સરકારે એક નિર્ધારિત રકમ નક્કી કરેલી હોય છે તેનાથી વધુ રકમ વસૂલી શકાતી નથી ત્યારે નિયમની જો વાત કરવામાં આવે તો ૫૦૦૦૦ થી વધુ રકમ વસૂલી ન શકાય પરંતુ આ કિસ્સામાં એટલે કે જે કોમર્શિયલ બિલ્ડિંગ ખડકી દેવામાં આવ્યું છે તે માટે ૧.૩૨ લાખ રૂપિયા ટ્રાન્સફર ફી પેટે લેવામાં આવ્યા હતા ત્યારે હવે પ્રશ્ન એ છે કે આટલા વધુ રૂપિયા લેવા પાછળનું કારણ શું? જે હજુ સુધી સામે આવ્યું નથી.

### બંને બોડી ના પ્રશ્નો વચ્ચે પીસાઈ રહ્યો છું : પ્લોટ માલિક

પ્લોટ માલિકના જણાવ્યા અનુસાર હાલ જે વિવાદ ઊભો થયો છે તેમાં તેઓએ જણાવ્યું કે આ બંને બોડીનો પ્રશ્ન છે અને તે કિસ્સામાં હું પીસાઈ રહ્યો છું કારણ કે હાલ જે પ્લોટ માટે વિવાદ થઈ રહ્યો છે તેની બાજુમાં જ જે જગ્યા છે તેમાં હોસ્પિટલ કાર્યરત છે અને તે પણ કોમર્શિયલ છે એટલું નહીં તેઓએ જણાવ્યું હતું કે આઠ પ્લોટને છૂટા પાડવામાં આવ્યા હતા જેમાંનો છેલ્લો પ્લોટ જે છે તેમાં હાલ વિવાદ ચાલી રહ્યો છે અને એ પ્લોટના બાંધકામનું કામ પણ પૂર્ણ થઈ ચૂક્યું છે.

### ભાગીદારી પેઢી સોસાયટીમાં દાખલ ન થઈ શકે

મળતી માહિતી મુજબ હાલ જે સમગ્ર મામલો જે લવાદ કોર્ટમાં પહોંચ્યો છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે કોઈપણ ભાગીદારી પેઢી હોય તે સોસાયટીમાં દાખલ થઈ શકતી નથી ત્યારે જે તે વખતે ભાગીદારી પેઢી દાખલ થઈ જતા અનેક પ્રશ્નો ઊભા થયા અને  આ મુદો અત્યારે ચર્ચાનો વિષય બન્યો.

---

**ખાખીનો ખોફ શું કહેવાય?** તે રાજકોટના ગુનેગારો લુખ્ખાઓને બરાબર સમજાવી દેવાનો સમય

# હોતા હૈ ચલતા હૈ જેવી નીતિઃ ખાખીની આબરૂ પર વધુ એક ઘા

## પોલીસ પર હુમલાની ઘટનાઓ વચ્ચે હવે હોમગાર્ડને મારકુટ કરી રોકડ લૂંટી લેવાઈઃ રૂપરડી માત્ર ચારસો ગઇ, પણ ખાખીની આબરૂનું મોટુ ધોવાણ થયું

### જેના નામ માત્રથી આવારા તત્વોની ફેં ફાટી જાય, ગુનેગાર ગુનો આચરતા પહેલા સો વખત વિચાર કરે એવા ખાખીધારી, અધિકારીઓની રાજકોટને સતત ખોટઃ આ કારણે લુખ્ખાઓ ફાલ્યા ફુલ્યાનો નાગરિકોને સતત અનુભવ

### બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં અગાઉ લૂંટ, હત્યાની ઘટના બની હતી ત્યાં હવે વધુ એક વખત હું ડોન છું કહીને લુખ્ખો હોમગાર્ડને લૂંટી ગયો, મારકુટ કરી ગયો!

રાજકોટઃ શહેરમાં અમુક લુખ્ખાઓ ગમે ત્યારે પોલીસ સામે પણ થઇ જવાની આદત ધરાવતાં થઇ ગયા છે. થોડા દિવસ પહેલા પ્રદ્યુમનનગર પોલીસની ટીમ આરોપીને પકડવા ગઇ ત્યારે હુમલો કરી આરોપી ભાગી ગયાની વાત હજુ ચર્ચાને ચકડોળે છે ત્યાં હવે શહેરના પારેવડી ચોકથી ભગવતીપરા તરફ જતાં પૂલ નીચે હોમગાર્ડ જવાન પર બે લુખ્ખાએ હુમલો કરી માર મારી ધમકી દઇ રોકડ રકમની લૂંટ ચલાવતાં ચકચાર મચી ગઇ છે. આ હોમગાર્ડ નાઇટ ડ્યુટીમાં હોઇ એક શખ્સે આવી હું ગણેશનગરનો ડોન મોહિત ગોહેલ, પોલીસે અહિ બેસવું નહિ કહી બીજા સાગ્રીતને બોલાવી હોમગાર્ડને ગાળો દઇ ઢીકાપાટુનો માર મારી તેમજ ગુપ્તીના હાથાથી ફટકારી જે હોય તે આપી દેવાનું કહી ખિસ્સા ફંફોળી ચારસો રૂપિયાનીર કોડ લૂંટી લીધી હતી. અહિ રકમ બહુ નાની છે પણ ખાખીની આબરૂ પર ઘા મોટો થયો હોવાનું કહેવાય છે.

ચકચાર જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે બી-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતાં ત્રીસ વર્ષના યુવાન વિપુલ ગીરધરભાઇ સોલંકીની ફરિયાદ પરથી મોરબી રોડ ગણેશનગરમાં રહેતાં મોહિત



ચમનભાઇ ગોહેલ અને અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી બંનેને શોધી કાઢવા ટીમો કામે લાગી છે. આ ઘટનાની વિગતો જણાવતાં હોમગાર્ડ વિપુલ સોલંકીએ જણાવ્યું છે કે તારીખ ત્રેવીસથી ચોવીસની સવારના પાંચ સુધી મારી નોકરી હોઇ હું અને બીજા હોમગાર્ડ નિલેષ યાદવ પારેવડી ચોકથી ભગવતીપરા તરફ જતાં પૂલ નીચે રામાપીર મંદિર ચોક ખાતે ફિક્સ પોઇન્ટ પર હતાં. આજુબાજુના વિસ્તારમાં શંકાસ્પદ ગતીવિધી જણાય તો નાઇટ રાઉન્ડમાં રહેલા અધિકારીને જાણ કરવાની હોય છે.

આ દરમિયાન રાતે ત્રણેક વાગ્યે અમે અમારા પોઇન્ટ પર હતાં ત્યારે સાથેના જવાન નિલેષ યાદવ ચા પીવા ગયેલ. આ વખતે એક શખ્સ મારી પાછળ ચાલીને આવ્યો હતો હતો અને 'હું મોહિત ગોહેલ, ગણેશનગરનો ડોન, તું કેમ અહિ બેઠો છો? પોલીસે અહિ બેસવું નહિ' તેમ કહી મારી સાથે જીભાજોડી કરી હતી. મેં તેને આવુ બોલવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ ધારદાર ગુપ્તી કાઢી મને મારવાનો પ્રયાસ કર્યો હતો. જેથી મેં મારા રક્ષણ માટે મોટરસાઇકલમાંથી લાકડી કાઢી હતી. એ વખતે તેણે ઝપાઝપી ચાલુ કરહીત. એ દરમિયાન આ મોહિતે બૂમ પાડી કોઇને બોલાવતાં એક અજાણ્યો શખ્સ દોડી આવ્યો હતો. બાદમાં અજાણ્યાએ મને પાછળથી પકડી લીધો હતો અને મોહિતે ગુપ્તી બતાવી જે હોય તે આપી દે નહિતર મારી દઇશ કહી મારા ખિસ્સા ફંફોળી રૂા. ૪૦૦ કાઢી લીધા હતાં. તેમજ ગુપ્તીના હાથાના ચાર-પાંચ ઘા મને મારી ઢીકાપાટુ પણ માર્યા હતાં. એ દરમિયાન બીજા જવાન નિલેષ યાદવ આવી જતાં મેં તેને વાત કરી હતી. હુ ડરી ગયો હોવાથી પોલીસ સ્ટેશનમાં જાણ કર્યા વગર ઘરે જતો રહ્યો હતો.આ ઘટના પછી મેં તપાસ કરતાં આ શખ્સ ગેણશનગમાં રહેતો મોહિત ચમનભાઇ ગોહેલ હોવાની ખબર પડી હતી. પછી ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં વિપુલ સોલંકીએ કહેતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. બી. ગાધેએ ગુનો દાખલ કરતાં ડી. સ્ટાફ ટીમ અને એલસીબીની ટીમે આરોપીઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે. અગાઉ પણ બી-ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુખ્ખાઓએ એક જ રાતમાં ચાર સ્થળે લૂંટ ચલાવી ખૂનની કોશિષના ગુના આચરી ભય ફેલાવી દીધો હતો. એ પછી આ હુમલામાં ઘાયલ યુવાને દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. હવે ફરી બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં હોમગાર્ડને કહેવાતા ગૂંડા-ડોને મારકુટ કરી રોકડ લૂંટી લેતાં ફરી વખત ખાખીની આબરૂ પર ઘા થયો છે. ગુનેગારો ગુનો આચરે એને પોલીસ પકડે  તો છે, પરંતુ બીજા કોઇ ગુનો આચરતા પહેલા ફફડી જાય એવી કામગીરી હવે થતી ન હોવાનું નાગરિકોમાં ચર્ચાઇ રહ્યું છે. પોલીસની ઢીલી પક્કડ અને હોતા હૈ ચલતા હૈ જેવી નીતિને કારણે રાજકોટમાં ગમે ત્યારે ગમે ગુંડો કે ડોન બનીને મેદાને આવી પોલીસની આબરૂને ઠેંસ પહોંચાડી નાગરિકોને રંજાડી જવાની હિમત કરતો થઇ ગયો છે. એવા અધિકારીઓની રાજકોટને જરૂર છે જેના નામ માત્રથી ગુનેગારો ફફડે. ખાખીનો ખોફ શું હોય તે ગુનેગારોને દેખાડવાની ખુબ જરૂર છે.